Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैन धर्म प्रकाश.

देवं श्रेणिकवत्प्रपूजय गुरुं वंदस्व गोविंदवत्
दानं शील तपः प्रसंगसुभगां चाभ्यस्य सद्भावनां ॥
श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा
धर्म्ये कर्मणि कामदेववदहो चेतश्चिरं स्थापय ॥ १ ॥

પુસ્તક ૩૪ મું. ]  વૈશાખ. સંવત ૧૯૭૪. વીરસંવત ૨૪૪૪.  [ અંક ૨ જો.


## रत्नाकर पच्चीशीनुं रहस्य.

( લેખક—માસ્તર શામજી હેમચંદ. )

( અનુસંધાન પૃષ્ટ ૨ થી. )

### હરિગીત.

( ૧૧ )

કરે કાળજાને કતલ પીડા કામની બીહામણી,
એ વિષયમાં બની અંધ હું વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપતણી કને,
જાણો સહુ તેથી કહું કર માફ મારા વાંકને.

( ૧૨ )

નવકાર મંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યોવડે હણી આગમોની વાણીને;
કુદેવની સંગતથકી કર્મો નકામાં આચર્યાં,
મતિભ્રમણથી રત્નો ગુમાવી કાચ કટકા મેં ગ્રહ્યા.

( ૧૩ )

આવેલ દૃષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર આપને,
મેં મૂઢધિયે હૃદયમાં ધ્યાયા મદનના ચાપને;
નેત્રબાણો ને પયોધર નાભી ને સુંદર કટી,
શણગાર સુંદરીઓતણાં છટકેલ થઇ જોયા અતિ.

( ૧૪ )

મૃગનયણીસમ નારીતણા મુખચંદ્ર નીરખવાવતી,
મુજ મનવિષે જે રંગ લાગ્યો અલ્પ પણ ગૂઢો અતિ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે શ્રુતરૂપ સમુદ્રમાં ધોતાં છતાં જાતો નથી,
તેનું કહો કારણ હશે બન્યું કેમ હું આ પાપથી ?

( ૧૫ )

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણતણો નથી,
ઉત્તમ વિલાસ કળાતણો દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરૂં,
ચોપાટ ચાર ગતિતણી સંસારમાં ખેલ્યા કરૂં.

( ૧૬ )

આયુષ્ય ઘટતું જાય તો પણ પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા ના મટે;
ઔષધવિષે કરૂં યત્ન પણ હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયાવિનાનાં ઘર ચણું.

( ૧૭ )

આત્મા નથી ભવભ્રમણ ને વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી;
રવિસમ હતા જ્ઞાને કરી પ્રભુ આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કુવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે.

( ૧૮ )

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહીં;
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રડ્યા જેવું થયું,
ધોબીતણા કુત્તા સમું મમ જીવન સહુ એળે ગયું. (અપૂર્ણ.)

---

## समश्लोकी सूक्तरत्नावली.

(લેખક—માસ્તર શામજી હેમચંદ.)

(અનુસંધાન પુ. ૩૩ ના પૃષ્ટ ૨૬૦ થી)

सेव्यः स्यान्नार्थिसार्थानां, महानपि धनैर्विना ।
सेव्यते पुष्पपूर्णोऽपि, पलाशः षट्पदैर्न यत्? ॥ १७ ॥

મ્હોટા પણ નિર્ધનતણી, સ્વાર્થી ન કરે સેવ;
સેવે ભ્રમર ન ખાખરો, પુષ્પ છતાં [1] તતખેવ. ૧૭

हन्त! हन्ति तमोवृत्तिर्माहात्म्यं महतामपि ।
अभवत् प्रथमः पक्षः, श्यामः शशिनि सत्यपि ॥ १८ ॥

---

૧ ગંધરૂપ ધન ન હોવાથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્હોટાની મ્હોટાઇ પણ, તામસવડે હણાય;
પ્રથમ પક્ષ અંધારીયું, ચંદ્ર છતાં કહેવાય. ૧૮

सतामपि बलात्काराः, सुकृते न च दुष्कृते ।
घृतं भुङ्क्ते बलादश्वस्तृणान्यत्ति स्वयं च यत् ॥ १९ ॥

અત્યાગ્રહ પણ સંતને, સારા માટે કરાય;
બળથી ઘૃત દે અશ્વને, ખડ તો સ્હેજે ખાય. ૧૯

वासरास्ते तु निःसाराः, ये यान्ति सुकृतं विना ।
विनाङ्कं बिन्दवः किं स्युः, संख्यासौभाग्यशालिनः? ॥ २० ॥

જે દિન પુણ્ય કર્યું નહીં, તે દિન ફોકટ જાય;
મીંડા અંક વિના બધા, નિષ્ફળ જેમ ગણાય. ૨૦

भवन्ति सङ्गताः सद्भिः, कर्कशा अप्यकर्कशाः ।
किं चन्द्रकान्तश्चन्द्रांशुसंश्लिष्टो न जलं जहौ? ॥ २१ ॥

સારાની સોબત થકી, કર્કશ કોમળ થાય;
ચંદ્ર કિરણના સંગથી, ચંદ્રકાંત ભીંજાય. ૨૧

स्वोऽपि संजायते दौर्स्थ्ये, पराभूतेर्निबन्धनम् ।
यत्प्रदीपप्रणाशाय, सहायोऽपि समीरणः ॥ २२ ॥

પોતાના પણ દુઃખમાં, હાનિ કરતા જાય;
અગ્નિ મિત્ર વાયુ છતાં, દીપ પ્રણાશક થાય. ૨૨

दोषोऽपि गुणसंपत्तिमश्नुते वस्तुसङ्गतः ।
यन्निन्द्यमपि काठिन्यं, कुचयोरजनि श्रिये ॥ २३ ॥

સદ્‌વસ્તુના સંગથી, દોષો પણ ગુણ થાય;
કઠીનતા છે નિંદ્ય પણ, સ્રીસ્તનમાં વખણાય. ૨૩

दोष विशेषतः स्थानाऽभावाद्याति गुणः सखे! ।
न लन्ध्या स्तनयोर्जज्ञे, नम्रताऽभिमतापि किम्? ॥ २४ ॥

સારા સ્થાન અભાવથી, ગુણ પણ દોષ ગણાય;
નિર્મળ એવી નમ્રતા, કુચ વિષે નિંદાય. ૨૪

गते तेजसि सौभाग्यहानिर्ज्योतिष्मतामपि ।
यन्निर्वाणः शमीगर्भो, रक्षेयमिति कीर्त्यते ॥ २५ ॥

તેજસ્વીનું પણ અરે, તેજ જતાં સહુ જાય;
અગ્નિ ઓલાયા પછી, રાખ થઈ ચગદાય. ૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रायः पापेषु पापानां, प्रीतिपीनं भवेन्मनः ।
पिचुमन्दतरुष्वेव, वायसानां रतिर्यतः ॥ २६ ॥
પાપી જનની પાપમાં, પ્રાયે પ્રીતિ થાય;
લીંબોળી ખાવા જુઓ, વાયસ મન લલચાય. ૨૬

प्रायशस्तनुजन्मानोऽनुयान्ति पितरं प्रति ।
धूमाज्जाते हि जीमूते, कलितः कालिमा न किम्? ॥ २७ ॥
પ્રાયે શરીરધારીઓ, માત પિતા સમ થાય;
ધૂમાડે પ્રકટેલ મેઘ, શ્યામ જુઓ દેખાય. ૨૭

नेशाः कर्तुं वयं वाचां, गोचरं गुणगौरवम् ।
यत् सच्छिद्रोऽपि मुक्तौघः, कण्ठे लुंठति यद्वशात् ॥ २८ ॥
કેમ અમારી વાણીથી, ગુણનું ગૌરવ થાય;
છિદ્ર સહિત પણ મોતીઓ, જેથી[1] કંઠ ધરાય. ૨૮

आत्मकृत्यकृते लोकैर्नीचोऽपि बहु मन्यते ।
धान्यानां रक्षणाद् रक्षा, यद्यत्नेन विधीयते ॥ २९ ॥
સ્વાર્થ કાજ આ લોકમાં, નીચ પણ બહુ મનાય;
રક્ષણ કરવા ધાન્યનું, રાખ જુઓ જળવાય. ૨૯

सतां यत्रापदः प्रायः, पापानां तत्र संपदः ।
मुद्रिताक्षेषु लोकेषु, यद् घूकानां दृशः स्मिताः ॥ ३० ॥
પ્રાયે જ્યાં દુ:ખ સંતને, ત્યાં પાપીને સુખ;
લોકો આંખ મીંચે તદા, ખોલે ચક્ષુ ઘૂક. ૩૦

मानितोऽप्यपकाराय, स्यादवश्यं दुराशयः ।
किं मूर्ध्नि स्नेहनाशाय, नारोपितः खलः खलु? ॥ ३१ ॥
માન આપીએ નીચને, તોય કરે અપકાર;
ખળને માથે ધારીએ, સ્નેહ રહે ન લગાર. ૩૧

नोपैति विकृतिं कामं, पराभूतोऽपि सज्जनः ।
यन्मर्दितोऽपि कर्पूरो, न दौर्गन्ध्यमुपेयिवान् ॥ ३२ ॥
ખુબ પ્રહાર કર્યા છતાં, સંત ન ધરે વિકાર.
દુર્ગંધી ન બને કપુર, ચોળ્યા છતાં લગાર. ૩૨ (અપૂર્ણ.)

૧ ગુણથી—દોરાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आपणी आधुनिक स्थिति सुधारवा आपणे तरत शुं शुं करवानी जरुर छे ?

**અંગ કસરત**—શરીરનું આરોગ્ય ટકાવી રાખવા સાધુને તેમજ ગૃહસ્થને અંગ કસરતની અનિવાર્ય જરૂર છે. અંગ કસરત અનેક રીતે થઇ શકે છે. જેને જે પ્રતિ અનુકૂળ લાગે તે રીતે અંગ કસરત કરી શકાય છે. યોગી પુરૂષો અનેક પ્રકારનાં યોગાસનો સેવવાથી, યથાયોગ્ય મુદ્રાઓ કરવાથી તેમજ વિહારાદિક કરણી રીતિબંધ રહિત કરવાથી અંગને સારી રીતે કસી શકે છે. મન અને ઇન્દ્રિયોનું દમન થાય તથા પરિષહ અને ઉપસર્ગો આવી પડે ત્યારે સ્વસંયમ માર્ગમાં અડગ–અચળ સ્થિર રહેવાય તે રીતે પ્રમાદ–શિથિલતા દૂર કરીને પ્રથમથીજ શરીરને કસતા રહેવું જોઈએ. સુખશીલવૃત્તિ તજી સંયમમાં દ્રઢતા રાખવાની બહુ જરૂર છે. સુખશીલતા-વંત ફૂલની જેમ થોડો તાપ લાગતાં કરમાઇ જાય છે–સંયમમાં ટકી શકતા નથી, પણ અંગકસરતવડે તન મન વચનના બળને વધારી શકનાર સ્વસંયમમાર્ગમાં વજ્રની જેમ દ્રઢ–મક્કમ રહી શકે છે. A Sound Body has a Sound Mind. નિરોગી શરીરવંતને પ્રાય: નિરોગી આનંદી–પ્રસન્ન મન હોઈ શકે છે. એ વાતનો પૂરો ખ્યાલ કરી શકનારા અંગકસરતની ખરી કિમ્મત અને અગત્ય સંપૂર્ણ સમજી શકે છે. **કલ્પસૂત્રમાં સિદ્ધાર્થરાજા** કેટલી અંગકસરત કરતા હતા તે આપણે વાંચીએ અને સાંભળીએ છીએ તેમ છતાં તે વાંચન શ્રવણની સાર્થકતા તો વિરલાજ કરતા દીસે છે. દેવવંદન, ગુરૂવંદન, તીર્થયાત્રા, સામાયિક, પ્રતિક્રમણાદિક ધર્મ કરણી પણ જો બરાબર શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પ્રમાદ રહિત કરવામાં આવે તો તેથી પણ અંગને સારી કસરત મળી શકે તેમ છે.

અત્યારે સાધુમાં કે ગૃહસ્થમાં બહુધા જે શિથિલતા કે સુખશીલતા વ્યાપી રહેલી દીસે છે, તેને દૂર કરવા જેમ બને તેમ નિર્દોષ અંગકસરત કરવાની બહુ જરૂર છે. કુવામાં હશે તો હવાડામાં આવશે એ ન્યાય સમજનાર સાધુજનોએ તો ખાસ કરીને વ્યાજબી ઉપાયવડે શરીરને દમી સુખશીલતા તજી '**શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્**' એ વાતને સાચી કરી બતાવવી જોઇએ. એથીજ શ્રોતાજનો ઉપર સારી સચોટ છાપ પડી શકશે. ભટજીવાળા પોથીમાંના રીંગણાંનો વખત હવે જતો રહ્યો છે. હવે તો પોતાની રગેરગમાં જાગૃતિ રેડી અન્યને જાગૃત કરવાની ખાસ જરૂર છે. સબળ પ્રજાને ઉત્પન્ન કરવાનો એ અકસીર ઉપાય છે.

**કુવ્યસન ત્યાગ**—જેથી સ્ત્વીર્યાદિક ધાતુઓ તવાઇ નબળી પડી જાય તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક કુટેવ ગમે તે રીતે તજી દેવા પ્રયત્ન કરવાની જરૂર છે. પાશ્ચિમાત્ય લોકોનું અંધ અનુકરણ કરી ચ્હા, કૉફી, બીડી વિગેરેનો જે પ્રચાર આપણામાં વધી જવા પામ્યો છે તેણે તો આપણું સત્યાનાશ જ વાળ્યું છે. એથી ધાતુ તવાઇ કેવળ નિઃસત્ત્વ થઇ જાય છે. ઉત્તેજક પીણાં પીવા માટે કેટલાએક તો હોટેલોનો આશ્રય લઇ વટલે છે અને બીજાને વટલાવે છે. ઉપરાન્ત ઉત્તમ કુળમાં નજ છાજે એવી બીજી કેટલીએક બૂરી બદીઓ દાખલ થયેલી હોય છે. તે ચેપી બદીઓનો ત્યાગ કરવા અને સત્સમાગમ, શાસ્ત્ર શ્રવણ-મનનાદિક સદ્વ્યસનનો આદર કરી પ્રાપ્ત સદ્બોધને સાર્થક કરી લેવા, પ્રયત્ન કરવાની આપણને બહુ જરૂર છે. 'Preventvie is better than cure' કુપથ્યનો ત્યાગ કરી પથ્યસેવનપૂર્વક સદ્ઔષધનું સેવન હિતાવહ થઇ શકે છે, એ વાતને બોલવા કરતાં આચરણમાંજ ઉતારવાની જરૂર છે.

**અનીતિનો ત્યાગ અને નીતિનો સ્વીકાર**-નીતિ એ ધર્મનો મજબુત પાયો છે અને નીતિવાનજ ધર્મ પ્રાપ્ત કરવા લાયક બને છે. એ શાસ્ત્રવચનને અંતઃકરણથી સત્ય અવધારનારે તો અનીતિને વિષ કરતાં પણ અધિક હાનિકારક અને નીતિને અમૃતસમાન સુખશાન્તિ ઉપજાવનાર લેખી અનીતિનો સર્વથા ત્યાગ અને નીતિનો સર્વથા સ્વીકારજ કરવા સદોદિત લક્ષ રાખવાની જરૂર છે. **ધર્મબિંદુ** વિગેરે ઉત્તમ ગ્રંથોમાં માર્ગાનુસારીપણાના ગુણોની શાસ્ત્રકારે જે વ્યવસ્થા બતાવી છે તેમાં આનો સમાવેશ થઇ શકે છે, તેથી તે તરફ દષ્ટિ વાળવા ભવ્યાત્માઓને ખાસ સૂચના કરવામાં આવે છે.

**હૃદયબળ-હિમ્મત-સુશ્રદ્ધાદિક સદ્ગુણો ખીલવવાની જરૂર**—ગમે તેવાં મહાભારત કામ પણ હિમ્મત અને ખંતથી પાર પાડી શકાય છે, તેવા સદ્ગુણો આપણામાં પ્રગટાવવાની બહુ જરૂર છે. નાહિમ્મત માણસો કંઇપણ મહત્ત્વનું કામ કરતાં અચકાય છે, પણ હિમ્મતબહાદુર જનો મહત્ત્વનાં કામ ઉત્સાહભેર આદરે છે અને તેને પાર પાડે છે. તે પાર પાડવા પોતે શક્તિવંત છે એવી તેમને શ્રદ્ધા હોય છે, તેથી તેઓ કંઇક મહત્ત્વનાં કામ આદરે છે અને તેમાં ગમે તેવાં વિઘ્ન આવે તો પણ તેથી ડર્યા વગર હિમ્મતથી તેને વળગી રહી તે પાર પાડી શકે છે અને પોતાના દાખલાથી બીજાને હિમ્મત રાખતા શિખવે છે. આપણી વર્તમાન પ્રજામાં આ ગુણ બહુ ઓછા પ્રમાણમાં દેખાય છે, તેનાં અનેક કારણો પૈકી માતાપિતાદિકની અજ્ઞાનતા અને અવિવેકથી બાળકોને ઉછેરવામાં જે અન્યાય મળે છે તે મુખ્ય દુઃખદાયક કારણ ગણાય છે. બચપણમાં બાળકો નિર્દોષ, આનંદી અને રમત ગમતમાં મસ્ત રહેતાં હોય છે, ટુંકાણમાં તે ગુલાબના પુષ્પની જેવાં સુકોમળ.અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસમુખાં હોય છે. તેમને તેમની પ્રકૃતિ અનુસારે ખીલવા દેવાની સંભાળ રાખવામાં આવે તો તે ભવિષ્યમાં બહુ આનંદદાયક બને છે, પરંતુ જો તેની ઉગતી કળીનેજ દાબી દેવામાં આવે તો તે કરમાઇને નકામું થઇ પડે છે. આપણાં આજકાલનાં અણઘડ માબાપો ઘણી વખત કુમળાં બચ્ચાંઓ તરફ બહુ ત્રાસદાયક રીતિથી કામ લેતાં જણાય છે. આક્રોશ, ધમકી અને ભીતિ ઉત્પન્ન કરે એવાં દુર્વચનોનો એટલો બધો વખતોવખત ઉપયોગ કરવામાં આવે છે કે તે અતિ કોમળ, આનંદી અને નિર્દોષ બાળકોના હૃદયને ક્ષોભ ઉપજાવે છે, ગમગીની પેદા કરે છે અને હર્ષને બદલે શોકમાં ડુબાવી દે છે. માબાપનાં વગરવિચાર્યાં ભયંકર વચનોની તેમના કુમળાં મન ઉપર એટલી બધી ખરાબ અસર થવા પામે છે કે તે બચ્ચાં પછી જરાક જરાકમાં રડી પડે છે, ભયભીત બની જાય છે, અને જો વખતસર તેમને દીલાસો આપવામાં ન આવે તો જાણે તેમના હોશ ઉડીજ ગયા હોય તેમ છાતીફાટ રડે છે. જો માબાપો પોતે સુશિક્ષિત હોઇ બાળકોની યોગ્ય સંભાળ લઇ તેમના હૃદયને ક્ષોભ ઉપજાવ્યા વગર તેમની પ્રકૃતિ અનુસાર તેમનો વિકાસ થવા દે છે તો તે બાળકો હીરા જેવા અણમોલ થવા પામે છે. બાળકો બચપણનાં બે ચાર વર્ષોમાં અનુકૂળ સંયોગો વચ્ચે એટલું બધું સારૂં શીખી શકે છે કે તેની ઉપર પડેલાં સંસ્કાર વડપણમાં ભુંસાઈ શકતા નથી. બાળપણમાં પણ તેમનામાં બેહદ ચંચળતા દેખાય છે, તેમનો રમુજી આનંદી ચહેરો ગમે તેવા કઠોર દીલને પણ પીગળાવી દેવા બસ હોય છે. તે કંઈ જુએ છે યા સાંભળે છે તેનો ચિતાર જલ્દી તેમના કોમળ મન ઉપર પડી શકે છે, તેથીજ બચ્ચાંનું ખરૂં હિત હૈડે ધરનારાં સુજ્ઞ માબાપો તેમનું સુંદર ચારિત્ર્ય રચવાને માટે પોતાથી બને તેટલી સાવધાની શરૂઆતથી રાખવા ચૂકતાં નથી, તેથી તેઓ તેનાં સુંદર પરિણામને ચાખે છે અને અન્ય મુગ્ધ માબાપોને શુભ દૃષ્ટાન્તરૂપ બની શકે છે. પોપટનાં બે બચ્ચાંની વાત સુપ્રસિદ્ધ છે, તેમાંથી મુગ્ધ માબાપો કંઇપણ સારૂં ગ્રહી પોતાનાં બચ્ચાં ભવિષ્યમાં સારાં નીવડે અને અન્યને પણ આનંદ ઉપજાવે તેમ કરવા બનતી ચીવટ રાખી વર્તવા પોતાની ફરજ સમજતા થશે તો આ સમયોચિત બે બોલ નિવેદન કરવાનો પ્રયાસ લેખે થયેલો ગણાશે.

**આરોગ્યતા સંબંધી યોગ્ય નિયમો જાણવાની અતિ આવશ્યકતા**–આપણું શરીર સારૂં સુખી–નિરોગી હોય તો આપણે સુખચેનથી ધર્મવ્યવહારનું સેવન કરી શકીએ છીએ અને જો તેમાં કશો ખોટકો પડે છે તો જોતજોતામાં આપણો ચાલુ વ્યવહાર અટકી પડે છે, તેથી શરીરઆરોગ્ય સાચવી રાખવા માટે તેના નિયમો સારી રીતે જાણવા અને તે મુજબ આચરવા પૂરતી કાળજી રાખવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોખાં હવાપાણી, શરીર અને વસ્ત્રાદિકની ચોખાઇ, ખુલ્લો પ્રકાશ, તથા સાફસુફતાવાળું નિવાસસ્થાન, ઉપરાન્ત પ્રકૃતિને માફક આવે એટલું અને એવું નિર્દોષ ખાનપાન કરવા પૂરતું લક્ષ, તેમજ શરીરમાં અસ્વસ્થતા જણાય તો લંઘન-ઉપવાસાદિક ઉપચાર કરવા ચૂકવું નહિ જોઇએ.

**ધાર્મિક શિક્ષણની વ્યવસ્થા**—જો કે કેટલાએક સ્થળે જૈન પાઠશાળાદિક ખોલેલી હોય છે; પરંતુ તેમાં જેવું જોઇએ એવું વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક શિક્ષણ અપાતું ન હોવાથી તે લગભગ નામનીજ હોય છે. કેટલાએક સ્થળે તો જેવા તેવા અણઘડ શિક્ષકથીજ કામ લેવામાં આવે છે અને ઘણે ભાગે ગોખણપટીનુંજ કામ કરાય છે, તેમાં પુષ્કળ સુધારો કરવાની જરૂર છે. જેમનું જ્ઞાન સારૂં હોવા ઉપરાંત વર્તન ઉંચા પ્રકારનું હોય .તેવા લાયક શિક્ષકનીજ દરેક સ્થળે ગોઠવણ થવી જોઇએ, અને તેવા લાયક શિક્ષકો તૈયાર કરવા કોઇએક યોગ્ય સ્થળે તેવો ખાસ વર્ગ ઉઘાડવો જોઇએ. મૂળથીજ કેળવણી આપવાની શૈલી સુધારવી જોઇએ. શિક્ષકમાં તેમજ વિદ્યાર્થીવર્ગમાં કોઇપણ પ્રકારનું દુર્વ્યસન હોવું નહિજ જોઇએ અને કદાચ હોય તો તે સદંતર દૂર કરવા ખાસ લક્ષ દેવું જોઈએ. વિદ્યાર્થીવર્ગમાં નીતિનું જ્ઞાન વધે અને નીતિભરેલું વર્તન દાખલ થવા પામે અને ક્રમસર યોગ્યતા મુજબ ધર્મશિક્ષણ અપાય તેવી કાળજી રાખવી જોઇએ. પરિણામે વિદ્યાર્થીવર્ગ મયણાસુંદરી જેવા નૈતિક હિમ્મતવાળા બને અને પોતાના સદ્વર્તનથી નિર્મળ યશ મેળવે એવી ગોઠવણ થવી જોઇએ.

**વ્યવહારિક કેળવણીમાં આગળ વધેલા વિદ્યાર્થીવર્ગને ધાર્મિક કેળવણી અપાય એવી ગોઠવણ**—યુવક વિદ્યાર્થીવર્ગમાં નીતિના માર્ગ તરફ રૂડી પ્રીતિ જોવામાં આવે છે, તેથી તે વર્ગને જો સરસ (રસદાયક) ધાર્મિક કેળવણી આપવાની ગોઠવણ કરવામાં આવે તો તે સાર્થક થઇ શકે એમ સહજ અનુમાન કરી શકાય છે. યોગ્ય ભૂમિમાં વાવેલું સદ્બીજ નકામું જતું નથી, એવી શ્રદ્ધાથી વિદ્વાન્ સાધુ કે ગૃહસ્થ જનોએ ઉક્ત કાર્યમાં બની શકે તેટલો સ્વાર્થભોગ આપવો જરૂરનો છે. જે કાર્ય બળથી થઇ ન શકે તે કળથી સુખે થઈ શકે છે. કોલેજ કે હાઇસ્કુલોમાં અભ્યાસ કરતા યુવક વિદ્યાર્થીઓને મે વેકેશન જેવા પુષ્કળ રજાના દહાડામાંના અમુક દિવસો સુધી એક યોગ્ય સ્થળે નિમંત્રણ કરી બોલાવી ત્યાં તેમને રસભરેલી શૈલીથી ધાર્મિક શિક્ષણ આપવાની ગોઠવણ કરી આપવામાં આવે તો તેનું ઘણું સુંદર પરિણામ વખત જતાં આવે એ તદન સંભવિત લાગે છે. શરૂઆતમાં થોડીક મુશ્કેલી નડે ખરી પણ તે વેઠીને જો ખંતથી નિઃસ્વાર્થપણે ઉક્ત કામ હાથ ધરવામાં આવે તો તેમાં બહુ સારી ફતેહ મળે એવી અમારી માન્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહેતુક થયેલી છે. ખર્ચને માટે પણ વ્યવસ્થા થઇ શકે એમ છે, ફક્ત આ વાત ઉપર પુષ્કળ ઉહાપોહ કરી સહૃદય વિદ્વાન્ જનોએ આગેવાનીભરેલો ભાગ લેવા બહાર પડવું જોઈએ. પં. વ્રજલાલજી અને પં. સુખલાલજી જેવાને યોગ્ય સૂચના કરવામાં આવે તો તેઓ આવાં મહત્ત્વનાં કામમાં આત્મભોગ આપવા આનાકાની કરે નહિ એમ અમારૂં સકારણ માનવું થાય છે. જૈન એજ્યુકેશનલ બોર્ડના માનવંતા સેક્રેટરીઓ તથા બીજા લાયક જૈન વિદ્વાનોએ આ બાબત ખાસ લક્ષમાં લેવા જેવી છે. યુવક વિદ્યાર્થીઓ નાસ્તિક જેવા થતા જાય છે, તેમને ધાર્મિક ક્રિયા તરફ બહુજ ઓછો આદર હોય છે, એવા આક્ષેપો કરી ઠંડા પેટે બેસી રહેવામાં કશું હિત સમાયેલું નથી. જો જૈન યુવક વિદ્યાર્થીઓને ધર્મચુસ્ત બનાવવા ખરી ઇચ્છા જ હોય તો તે માટે ઉપર સૂચવ્યા મુજબ અથવા બીજી કોઇ યોગ્ય વ્યવસ્થા કરી આપવા બની શકે તેટલો તન, મન, ધનનો ભોગ આપવા તત્પર થવું જોઈએ. **પુરૂષને કશું અસાધ્ય નથીજ.** એ વાત રહેણીમાં ઉતારી બતાવવાનો સમય હવે આવી લાગ્યો છે. નકામી સાચી ખોટી ટીકા કરવાથી કાંઇ વળવાનું નથી. મિ. **ગાંધી**ની જેમ **કર્મવીર** બની સ્વદૃષ્ટાન્તથીજ અન્ય શિથિલ-સુખશીલ જનોને જાગૃત કરવાની ખાસ જરૂર છે. નકામા વાદવિવાદ યા આક્ષેપો કરી ફોકટ કાળક્ષેપ કરવાનો હવે સમય નથી. હવે તો કાર્ય કરી દેખાડવાનોજ સમય છે, તેથી સહૃદય **જૈન વીરોએ ખરી વીરતા** કરી બતાવવા ચૂકવું જોઇએ નહિ.

**સ્ત્રીકેળવણી**—પુરૂષ કરતાં સ્ત્રીકેળવણીની ઓછી જરૂર નથી, બલ્કે તેથી પણ અધિક જરૂર છે. આજની કન્યા તે કાલની માતા લેખાય અને એક માતા સુશિક્ષિત હોય તો તે પ્રજાને ખરેખર કેળવવા આશીર્વાદરૂપ લેખાય. કોઈપણ કન્યાને અજ્ઞાન નહિ રાખતાં તેને સંગીન કેળવણી આપવા ગોઠવણ કરી આપવી જોઇએ. આજકાલની ચાલુ કેળવણીમાં જે જે ખામીઓ દીસે છે તે દૂર કરી દૂરંદેશીથી તેમને લાયક કેળવણીનાં ધોરણ નક્કી કરી તેમને વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક શિક્ષણ આપવા સુજ્ઞ ભાઈબ્હેનોએ બને તેટલો સ્વાર્થભોગ આપવા તત્પર થવું જોઈએ. આ લેખમાંથી હંસની પેરે સાર ગ્રહી સહૃદય જનો અધિક સાવચેત બની કર્મવીરો થાઓ એજ શુભાકાંક્ષા. ઇતિશમ્.

**સન્મિત્ર કર્પૂરવિજય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી શત્રુંજયમંડન યુગાદિદેવજી દાદાની વર્ષગાંઠનો ખરો દિવસ—ચૈત્ર વદિ ૬.

શ્રી શત્રુંજયતિર્થ ઉપર મૂળનાયક શ્રીઆદીશ્વર ભગવાનની પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ સર્વ જૈનો દરેક સાલના ગુજરાતી વૈશાખ વદિ ૬ ના રોજ પાળે છે. ખરી રીતે આ પ્રતિષ્ઠા સંવત ૧૫૮૭ ના ગુજરાતી ચૈત્ર વદિ ૬ ના રોજ થયેલી છે, તેથી વર્ષગાંઠ દરસાલ તેજ દિવસે પાળવી જોઇએ.

આ પ્રતિષ્ઠા કર્યાનો લેખ મૂળનાયકજીના ભવ્ય દેરાસરજીમાં પેસતાં જમણા હાથે ધોળા આરસ ઉપર કોરી ભીંતમાં ચોઢેલો છે. તેમાં પ્રતિષ્ઠા સંવત ૧૫૮૭ ના વૈશાખ વદિ ૬ ના રોજ ધનુલગ્નમાં થયેલી શ્રી લાવણ્યસમયે લખી છે. (જુઓ શ્રીશત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ, પ્રસ્તાવના, પાનું ૭૪ શ્લોક ૩૧–૩૨) હાલમાં ઇતિહાસજ્ઞ મુનિમહારાજશ્રી જિનવિજયજીએ તૈયાર કરી આત્માનંદ સભા મારફત પ્રસિદ્ધ કરેલ શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધમાં સંવત ૧૫૮૭ ના વૈશાખ વદિ ૬ રવિવાર, શ્રવણ નક્ષત્રની મિતિ પાને ૨૩–૨૪ મે બીજા ઉલ્લાસના શ્લોક ૧૩૪ માં આપી છે. તેજ ગ્રંથની છેવટે પાને ૩૨ મે ગ્રંથકર્ત્તાએ રાજાવળી કોષ્ટક આપ્યું છે તેમાં પ્રતિષ્ઠાની મિતિ ચૈત્ર વદિ ૬ રવિવાર, શ્રવણ નક્ષત્રની આપી છે. ગ્રંથ એડીટ કરનાર મુનિશ્રી આ ગ્રંથની પ્રસ્તાવનાના પાને ૬૨ મે લીંટી ૮ માં "(ગુજરાતકી ગણનાસેં ચૈત્ર વદિ ૬)" એમ લખે છે. એટલે પ્રશસ્તિના લેખમાં તથા શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધમાં મિતિ મારવાડની ગણતરીની છે ને રાજાવળી–કોષ્ટકની અંતે મિતિ ગુજરાતની ગણતરીની છે.

આ ઉપરથી મારૂં કહેવું એવું છે કે, લેખમાં તથા પ્રબંધમાં જે મિતિ આપેલી છે તે પુનમીઆ મહીનાની આપી છે, એટલે પૂર્વ અને મારવાડમાં પુનમીઆ મહીનાનો પ્રચાર છે તે મુજબ આપી છે. શ્રીમહાવીર પ્રભુના નિર્વાણનો દિવસ ગ્રંથમાં કારતક વદિ અમાસ લખ્યો છે અને આપણે આસો વદિ અમાસના રોજ તે ઓચ્છવ પાળીએ છીએ, તે મુજબ લેખ તથા પ્રબંધમાં વૈશાખ વદિ ૬ લખી છે તે પુનમીઆ મહિનાની ગણત્રીની છે. ગુજરાતની ગણનાએ તે ચૈત્ર વદિ ૬ થાય. હાલ જે વૈશાખ વદિ ૬ ના રોજ વર્ષગાંઠ થાય છે તે મારવાડની ગણનાએ જેઠ વદિ ૬ ના રોજ થાય છે. રાજાવળી કોષ્ટકને અંતે પ્રતિષ્ઠાની જે મિતિ લખી છે તે ગુજરાતની ગણનાની લખી છે. સદ્‌ભાગ્યે લેખ તથા પ્રબંધમાં પ્રતિષ્ઠાના દિવસના વાર તથા નક્ષત્ર આપેલા છે. વાર રવિ તથા નક્ષત્ર શ્રવણ તે દિવસે હતા. જોતિષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતિએ ગણતાં સંવત ૧૫૮૭ ના ગુજરાતી વૈશાખ વદિ ૬ ના રોજ રવિવાર તથા શ્રવણ નક્ષત્ર આવતા નથી, પણ સંવત ૧૫૮૭ના ગુજરાતી ચૈત્ર વદિ ૬ ના રોજ રવિવાર તથા શ્રવણ નક્ષત્ર આવે છે. સંવત ૧૫૮૭ ની સાલનું પંચાંગ જોતાં તથા વિદ્વાન્ જોષી પાસે ગણતરી કરાવતાં ઉપર મુજબ હકીકત નીકળે છે.

વિશેષ શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધને અંતે ગ્રંથકર્તાએ પ્રતિષ્ઠાની જે લગ્ન-કુંડળી આપી છે તેથી પણ પ્રતિષ્ઠાની મિતિ સંવત ૧૫૮૭ ના ચૈત્ર વદિ ૬ આવે છે. પ્રસ્તુત પ્રશસ્તિનો લેખ તથા દાદાની અને શ્રી પુંડરિકસ્વામીની પલાંઠીની બેઠક ઉપરના લેખ મુનિશ્રીએ શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધની પ્રસ્તાવનાને અંતે આપેલા છે, એટલે હરેક જૈને તે ગ્રંથ વાંચી ખાત્રી કરી પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ ગુજરાતી ચૈતર વદિ ૬ એટલે મારવાડી વૈશાખ વદિ ૬ ના રોજ પાળવા અમારી વિનંતિ છે. આ કાર્ય ખાસ શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિ સાહેબોનું છે. તેઓશ્રી આ વાત તાકીદે હાથમાં લઇ ખાત્રી કરી ખરી તિથિએ વર્ષગાંઠ ઉજવશે અને મારા જેવા અજ્ઞાન જીવોને ખરે રસ્તે દોરશે એ ઇચ્છાથી આ લખાણ લખ્યું છે.

શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધના એડીટર મુનિશ્રીનું લક્ષ ગ્રંથ એડીટ કરતી વખતે આ ભૂલ ઉપર ગયેલું નહીં હોવાથી તેઓશ્રીએ આ સંબંધી પ્રસ્તાવનામાં કાંઇ લખાણ કર્યું નથી એમ તેઓશ્રી સાથે આ સંબંધમાં રૂબરૂમાં થયેલી વાત ઉપરથી જણાય છે. તેઓશ્રીનું લક્ષ આ તરફ ખેંચ્યા પછી બીજી આવૃત્તિમાં આ બાબત ચોકસ લખાણ કરવાનું તેઓશ્રીએ કબુલ કર્યું છે.

આ બાબતમાં જેઓને શંકા હોય તેઓની ખાત્રી કરી આપવા હું તૈયાર છું, તેઓએ પત્રવ્યવહાર આ માસીકના તંત્રી મારફત કરવો.

ખાસ ધ્યાનમાં રાખવાનું એ છે કે પ્રશસ્તિનો લેખ તથા શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ ગ્રંથ તથા બેઠક નીચેના લેખો પ્રતિષ્ઠાના અવસરેજ લખાયા છે અને તેના લખનાર પ્રતિષ્ઠા વખતે હાજર હતા, એટલુંજ નહીં પણ ગ્રંથ લખનાર ગણિશ્રીએ તો મૂળ દેરાસર સમરાવવામાં તથા પ્રતિમાજી તૈયાર કરાવવામાં મુખ્ય ભાગ લીધો હતો, તેથી તેમનું લખાણ તદન વિશ્વસનીય છે.

ઉપરની હકીકતની ચર્ચા હરેક સંસ્થા, દરેક જૈન પત્ર, દરેક સાધુ અને હરેક શ્રાવકે કરી તીર્થાધિરાજ મંડન શ્રી યુગાદિદેવની વર્ત્તમાન પ્રતિમાજીનો વર્ષગાંઠનો દિવસ ખરો થાય એવો પ્રયત્ન કરવો જોઇએ. કારણકે ખરે દિવસેજ મહોચ્છવ થવાથી ભાવમાં વૃદ્ધિ થાય છે. ખરો દિવસ પણ ભાવની વૃદ્ધિનું અંગ છે.

અનુભવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आपणा केटलाक सामाजिक सवालो.

## સમયતરંગ-વિચારણાની આવશ્યકતા.

### વિચારણીય સૂત્રગુંથન.

(લખનાર—મોતીચંદ ગીરધરલાલ કાપડિયા બી, એ. એલ, એલ. બી. સોલીસીટર.)

( ૧ )

આપણે અત્યારે એવા સમયમાંથી પસાર થઇએ છીએ કે આપણી અનેક પ્રકારની પ્રવૃત્તિનો સમન્વય કરી આપણે ઘણા નિર્ણય સ્પષ્ટ રીતે કરી નાખવા જોઇએ. આખી દુનિયા મહા પરિવર્તનમાંથી પસાર થાય છે, દસ પાંચ વરસ પહેલાં જે નિર્ણયો થઇ શક્યા હતા તેનો આખો આકાર મૂળથી ફરી ગયો છે, અને હજુ વિશેષ ફરી જશે એમ વર્તમાન ઇતિહાસ અને અવલોકનપરથી જણાય છે, અને તેવે પ્રસંગે સમયરંગ પ્રમાણે જો આપણે આપણા સઢની દિશાઓ ન ફેરવીએ તો આપણે દીર્ઘદૃષ્ટિ વાપરી ન કહેવાય. કેળવણીની બાબતમાં, આર્થિક બાબતોમાં, વ્યવહારૂ બાબતોમાં અને વ્યાપાર-ધંધાને અંગે આપણે છેલ્લામાં છેલ્લી હકીકતને લક્ષ્યમાં રાખી આપણું જીવનકર્તવ્ય નિર્દિષ્ટ કરવાનો આ સમય છે. કોમ અને દેશના જીવનમાં અમુક સમય ઘણો બારીક આવે છે, અમુક સમય ઘણો વિચારણીય આવે છે, અને અમુક સમય સાદો સીધો સરલ આવે છે. વર્તમાન સમય ઘણોજ વિચાર કરવા યોગ્ય સમય છે અને વિશાળ દૃષ્ટિએ આપણા શાસ્ત્રકારો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારે બાબતો લક્ષ્યમાં રાખી નિર્ણય કરવાનું અને સમયપરત્વે તેમાં યોગ્ય ફેરફાર કરવાનું જણાવે છે તેવો આ સમય છે, આવા અગત્યના સમયમાં આપણે વિચાર કર્યા વગર બેસી રહીએ તો અવ્યવસ્થિત રીતે આપણું પ્રયાણ થાય અને પરિણામે આપણે અત્યંત અનિષ્ટ સ્થિતિએ પહોંચી જઇએ. એક જગોએથી સમાજનો 'મૃત્યુઘંટ' વગાડવામાં આવ્યો છે, બીજી બાજુએથી આપણા અતિ વિશાળ સર્વદેશીય અને સર્વકાળને લાગુ પડતા સિદ્ધાન્તો અને મૂળતત્ત્વોની મહત્ત્વતા બતાવવામાં આવે છે અને અન્યત્ર યોગ્ય પ્રયત્ન કરવામાં આવે તો આપણો ધર્મ સર્વગ્રાહી થઇ શકે એવાં કારણો બતાવવામાં આવે છે. આ સર્વમાંથી આપણે ઉપયોગી રહસ્ય સમજવું જોઇએ, આપણા તત્ત્વજ્ઞાન માટે આપણને ખરેખરૂં માન હોય, આપણો નય પ્રમાણ વિભાગ સર્વદેશીય અને હેતુપ્રમાણ યુક્ત લાગતો હોય, આપણી સ્યાદ્વાદશૈલી સર્વકાળ અબાધિત લાગતી હોય, આપણા નિગોદ, કર્મ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્ક્રાન્તિના સિદ્ધાન્તો સર્વગ્રાહી જણાતા હોય તો તેને સ્થાપિત રાખવા, સર્વવ્યાપી કરવા અને તેનો અયોગ્ય વિનાશ અથવા વિસ્મરણ થતાં અટકાવવાં એ આપણી ફરજ છે; પરંતુ કેટલાક રૂઢ વિચારોથી ન દોરવાઇ જતાં સ્પષ્ટ અવલોકન કરી, આપણું છે તે સર્વ સારૂં છે તેમ ન માની લેતાં તેનો અભ્યાસ કરી, વસ્તુપરીક્ષાવડે આપણે આગળ વધવાની જરૂર છે અને તેમ કરવા માટે આપણે આપણી વર્તમાન સ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ કરવાની જરૂર છે. આપણે આપણા દેશની અને વિશ્વની પ્રગતિના તત્ત્વોનું અવલોકન કરવું જોઈએ અને ભવિષ્યના માર્ગો દોરવા જોઇએ; તેમ કરવા માટે યોગ્ય ચર્ચા કરવી જોઇએ, ચર્ચાનાં સાધનો એકઠાં કરવાં જોઇએ અને તેનું શાંત મગજે નિષ્પક્ષપાતપણે પ્રથક્કરણ કરવું જોઈએ. આ નવીન ચર્ચા ઉપસ્થિત કરતાં અત્ર જણાવેલા અને તે સિવાયના પ્રગતિને લગતા બીજા વિચારો જણાવવા સર્વને આહ્વાન કરવામાં આવે છે અને મને સંપૂર્ણ આશા છે કે તંત્રીસાહેબ એ સર્વ વિચારોને યોગ્ય સ્થાન યથાવકાશ જરૂર આપશે. વિચાર કરવાનાં સાધનો હશે અને વિચાર કરવાની દિશા સ્પષ્ટ હશે તો ચર્ચા સારી ચાલશે અને પરિણામે પ્રગતિ થશે. અવસરોચિત ઉપસ્થિત કરેલ આ ચર્ચા ઉઠાવી લેવામાં આવશે એવી આશા રાખી આપણે આગળ વધીએ.

આપણી પ્રગતિનો વિચાર કરતાં સર્વથી અગત્યની બાબત જે લક્ષ્યસ્થાનપર આવે છે તે આપણી પ્રગતિ અને દેશની–ભારતવર્ષની પ્રગતિના અરસપરસ સંબંધની છે. ત્યાં પ્રથમ એક બાબત સૂત્ર તરીકે આપણે એ લક્ષ્યમાં રાખવાની છે કે આપણી પ્રગતિ આપણે એવી રીતે કરવી જોઇએ કે દેશની પ્રગતિને તેની સાથે વિરોધ ન આવે, મતલબ આપણી પ્રગતિ કરવા જતાં દેશની પ્રગતિને વિરોધ કે અવરોધ થઇ જતો હોય તો તે દિશાએ આપણે પ્રગતિ કરવાનાં કાર્ય કે ભાવનાને છોડી દેવા જોઈએ. એક સિદ્ધાન્ત તરીકે આ બાબત બહુ સારી લાગે છે, પણ વ્યવહારૂ રીતે તેમ ઘણીવાર થતું જોવામાં આવતું નથી. જ્યારે માણસનું મન એકદેશીય થઈ જાય છે ત્યારે સર્વવ્યાપી વિચારો તેના મનમાં ઘણીવાર આવતા નથી, અને કદી આવે છે તો તે પૂરતી અસર કરતા નથી, અથવા કેટલીકવાર પોતાના મનમાંજ ગોટા વાળી પોતાને અનુકૂળ નિર્ણય કરી લેવામાં આવે છે. આ પ્રમાણે ન થાય તે માટે ખાસ સાવધ રહેવાની જરૂર છે. યોગ્ય રીતે વિચાર કરવામાં આવે તો દેશના હિતને વિરોધ આવે તે રીતે કોમહિત થઇ શકે એમ બનવુંજ અશકય છે; છતાં પણ કોઇવાર એવો પ્રસંગ આવી જાય છે કે જેમાં ઉપર ઉપરની નજરે જોતાં બંને હિતને વિરોધજ જણાય. એવા પ્રસંગે મહાન્ ખાતર વિભાગનો ભોગ આપવો યુક્ત ગણાશે.

આ વિચાર ચાલે છે તે દરમ્યાન એક નાની પણ ઘણી અગત્યની વાત કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણીએ. જૈનો માટે એવો આક્ષેપ કરવામાં આવે છે કે તેઓ દેશહિતના કાર્યમાં બીલકુલ ભાગ લેતા નથી. આ આક્ષેપનો જવાબ આપવાને અંગે ઉતાવળ કરવા જેવી નથી. કેટલીક રીતે તે આક્ષેપમાં સત્ય છે અને કાંઇક દૃષ્ટિબિન્દુની વિષમતા છે. મૂળ તો આપણી કોમ કેળવણીમાં એટલી બધી પછાત છે કે બંગાળી લોકોએ જે કાર્ય ૧૨૫ વર્ષ પહેલાં આદર્યું અને પારસીઓએ ૨૫ વર્ષ પહેલાં આદર્યું તે કાર્યની શરૂઆત કાંઇક ગંભીર રીતે આપણે ૧૦ વરસથી કરી છે. હવે અન્ય કોમોને ઘણા વરસોનો લાભ આગળથી જ મળી ગયો, તેથી આપણે પછાત રહ્યા. સખ્ત હરીફાઇના જમાનામાં આપણે આવી પડ્યા, એટલે હવે આપણે પછાત રહ્યા તેટલું પૂરૂં કરવા માટે અને આગળ વધેલાની હરોળમાં આવવા માટે ભગીરથ પ્રયત્ન કરવા પડે એ સ્વાભાવિક છે. એવી સ્થિતિમાં આપણે એક દાદાભાઇ કે એક ગોખલે કયારે નીપજાવી શકીએ તે વિચારણીય છે. અભ્યાસ, ઉત્સાહ અને પ્રેરણા એ ત્રણ બાબતો જાહેર જીવન માટે ખાસ ઉપયોગી છે અને એ ત્રણેનો જેટલે અંશે અભાવ અથવા અલ્પાંશ હોય તેટલે દરજ્જે જાહેર જીવનમાં પછાત પડી જવાય છે. આ સ્થિતિએ આપણી કોમોના આગેવાનોમાં દેશહિતકાર્યમાં પૂરતો ભાગ લેવામાં પછાત રહેવાની સ્થિતિ ઉત્પન્ન કરી છે. સદરહુ આક્ષેપ સર્વથા સત્ય તો નથીજ, કારણકે દેશહિતની લગભગ સર્વ પ્રવૃત્તિમાં જૈનકોમે ફાળો આપ્યો છે અને આપે છે, પરંતુ તેના આગેવાનો બહાર આવી શકયા નથી તેનું કારણ કેળવણીની અલ્પતા મુખ્યત્વે છે. આ આક્ષેપમાં સત્ય કેટલું છે તેનો જવાબ આપવા કરતાં આપણે દેશહિતની નજરે દેશની પ્રગતિના સર્વ પ્રશ્નોમાં ભાગ લેવાની જરૂર સ્વીકારવી તેજ ઘટિત છે. મ્યુનીસીપલ જીવન, ધારાસભા, સેનેટ, બાળાશ્રમો, ઉદ્યોગગૃહો, હોસ્પીટલ, સેનીટેરીયમ, વિદ્યાપીઠ આદિ જે જે જનહિતની પ્રવૃત્તિઓ હોય તે સર્વમાં આપણે ભાગ લેવાની જરૂર છે. કોમના હિત ખાતર, દેશની દાઝ ખાતર, સમાજપરની દયાની નજરે અને વિશાળ જૈન સિદ્ધાન્તની નજરે એ સર્વ બાબતમાં ભાગ લેવાની જરૂર છે, થોડો ભાગ લેવાતો હોય તો વખત અને પૈસાને ભોગે વધારે ભાગ લેવાની જરૂર છે અને ભાગ લેનારા તૈયાર કરવાની જરૂર છે. દેશહિતમાં દેશની વ્યક્તિઓનું હિત સમાયલું છે, દેશહિતમાં દેશના ધર્મોનું હિત સમાયલું છે અને દેશહિતમાં સમાજ અને વિભાગનું હિત સમાયલું છે. સમાજને વ્યક્તિ કે વ્યષ્ટિ તરીકે અત્ર વિચારણામાં સ્થાન પણ એટલાજ માટે આપવામાં આવે છે કે એના અચળ સર્વવ્યાપી સર્વગ્રાહી સિદ્ધાન્તોને સમાજના સિદ્ધાન્ત કરી દેવા અને દેશને એકતાવાળો કરી દેવો. સમષ્ટિ વિચારણામાં અન્યથા આવી એકદેશીય ભાવના સંભવે પણ નહિ, પરંતુ અત્ર તેનાં ઇષ્ટ સાધ્યને લક્ષમાં રાખી તેની વિચારણા કરી છે. દેશહિતનાં જાહેર કાર્યમાં વિશેષ ભાગ લેવાને પરિણામે સર્વજ્ઞ કથિત સિદ્ધાન્તને સર્વગ્રાહી બનાવવાનો પ્રસંગ જરૂર આવી લાગશે એ વિચારવા માટે જરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પના શક્તિનોજ ઉપયોગ કરવાની જરૂર છે અને એ સિદ્ધાન્ત સર્વગ્રાહી કદાચ એકદમ ન થઇ શકે તોપણ એ સિદ્ધાન્તમાં ઘણું જાણવા–વિચારવા–સમજવા જેવું છે એવા નિર્ણય પર તો સમજુ વિભાગને તુરત લાવી શકાય–એવી પરિસ્થિતિ તો જરૂર નીપજાવી શકાય. આથી દેશ અને સમાજની નજરે જાહેર હિતનાં કાર્યમાં ભાગ લેવાની સવિશેષ જરૂર છે એમ સર્વ દૃષ્ટિએ લાગે છે.

વ્યાપક દૃષ્ટિએ આપણે અત્યાર સુધી કાર્ય લીધું નથી, તેને પરિણામે ગેરવાજબી રીતે–અણુઘટતી રીતે આપણને અત્યાર સુધી ઘણું સહન કરવું પડ્યું છે. એક સાધારણ વિચાર કરશો તો જણાશે કે બૌદ્ધધર્મ હિંદુસ્તાનમાં ઘણા વરસથી હયાતી ભોગવતો નથી, છતાં પાશ્ચાત્ય વિદ્વાનો અનેક પ્રસંગે બૌધના મૈત્રીભાવ અને દયાના સિદ્ધાન્તોની વાતો કરે છે તે વખતે જૈનનાં તે બન્ને અચળ સિદ્ધાન્તનું નામ પણ આવતું નથી. જૈનની અહિંસા–દયા બૌધ કરતાં પણ વધારે ચઢતા પ્રકારની છે, વધારે સ્પષ્ટ છે, વધારે આગળ વધતી છે, એ અભ્યાસીઓને સ્પષ્ટ સમજાય તેવું છે, છતાં મહાત્મા બુદ્ધના જીવનનો જે રસથી અભ્યાસ થાય છે તે રસથી વીર પરમાત્માના જીવનનો અભ્યાસ થતો નથી, જેટલા જોરથી પ્રચલિત હિંસાના નાશ કરનાર અથવા યજ્ઞાદિમાં હિંસા સામે પ્રચંડ ઝુંડો ઉઠાવનાર તરીકે સિદ્ધાર્થનું નામ લેવામાં આવે છે તેટલા જોરથી વીર પરમાત્માનું નામ લેવામાં આવતું નથી તેનાં કારણો સમજવા યત્ન કરીએ તો આપણે આપણાં સિદ્ધાન્તોને વિશ્વવ્યાપી બનાવવામાં પછાત નીવડ્યા છીએ અને વર્તમાન જમાનાનું સ્વરૂપ ઓળખી શક્યા નથી, વિજ્ઞાન રીતિએ આપણને કામ કરતાં આવડતું નથી અને પ્રાચીન પદ્ધતિને આપણે છોડી શક્યા નથી એમ સ્પષ્ટ જણાઇ આવે તેમ છે. પાશ્ચાત્ય વિદ્વાનોને બુદ્ધ તરફ પક્ષપાત હોય અને મહાવીર પ્રત્યે અભાવ હોય એમ માનવાને કે મનાવવાને તો ભાગ્યેજ કોઈ તૈયાર થશે. ત્યારે આ બાબતમાં આપણી સમયાનુકૂળ થઇ જવાની પદ્ધતિમાં સ્ખલનાઓ છે તે ઉઘાડી રીતે દેખાઈ આવશે. આપણી મૈત્રી ભાવના આપણા સંઘસમુદાયમાંજ વ્યાપ્ત નથી, એ આખા મનુષ્યલોક સુધી પહોંચે છે અને તેથી વધીને તે સર્વ પ્રાણી પશુ પક્ષી સુધી પહોંચે છે અને તેની કક્ષામાં તે એકેંદ્રિય જીવોને લે છે, તેના વિશાળ આશ્રયમાં તે વનસ્પતિ કે કંદ–જળ કે પૃથ્વીના જીવોને પણ લે છે, છતાં 'પ્રેમ'ના સિદ્ધાન્તને સર્વવ્યાપી બનાવનાર તરીકે બુદ્ધ મહાત્માનું નામ આવે અને વીરપરમાત્માનું નામ પણ નજરે કે શ્રવણે ન પડે એમ થવાનાં કારણોમાં આપણી કાર્યપદ્ધતિને જોખમદાર કેટલે અંશે ગણવી તે ખાસ વિચારવા યોગ્ય સવાલ છે. આપણને મહાત્મા બુદ્ધ સાથે કાંઇ વિરોધ નથી, તેનું નામ વિશેષ પ્રચલિત થાય તેમાં આપણને કાંઈ ઇર્ષ્યા નથી, પણ અત્ર જે પ્રશ્ન પર વિચારણા કરીએ છીએ તે આપણી કાર્યપદ્ધતિનો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેમાં ધાર્મિક નજરે પણ બહુ વિચારવા જેવું રહે છે, બહુ કરવા જેવું રહે છે, બહુ આગળ વધવા જેવું રહે છે, એ નિર્દિષ્ટ કરવાનો અત્ર ઉદ્દેશ છે.

આથી સમયને ઓળખી આપણે પ્રથમથી નિર્ણયો બાંધવાની ખાસ જરૂર છે. દોડતાં દોડતાં ભીંત સાથે અફળાઈ જવાય ત્યારે આંખો ઉઘડે અને ચોંકીને અટકી પડાય તેવી સમજણ દીર્ઘદૃષ્ટિવાળાની હોતી નથી. ભીંત આવશે તે પ્રથમથી જોઇ લેવાનું કાર્ય દીર્ઘ નજરનું છે અને તેને આવતી અટકાવવાને અથવા આવી પડે તો તેની સામે તૈયાર થઈ રહેવાને આગમચથી સર્વ ગોઠવણ, તૈયારી અને સાધનો વિચારી રાખવાં અને પ્રસંગ આવ્યે તેમ કરવું તે વિચારશીળનું કર્તવ્ય છે, શાસ્ત્રકારનો તે આદેશ છે અને જૈન ધર્મનો તે અવિચળ સિદ્ધાન્ત છે. વીરપરમાત્માના સમય પછી જૈન સમાજની સ્થિતિનું અવલોકન કરશું તો સ્પષ્ટ માલૂમ પડશે કે દૃષ્ટા તરીકે આચાર્યો ઘણો દીર્ઘ વિચાર કરતા, યોગ્ય સમયે જરૂર પડતાં ફેરફારો સ્વીકારી લેતા અને વ્યવહારની ગુંચોનો ઉકેલ કરતાં તેઓ માત્ર એકજ બાબતનો વિચાર રાખતા અને તે એ કે શાસ્ત્રનાં મૂળ સિદ્ધાન્તોને વાંધો ન આવે તેમ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવને અનુકૂળ ફેરફાર કરવા. મૂળ બાબતને ક્ષતિ લાગે ત્યાં જૈનત્વનો નાશ થાય છે અને જૈનત્વનો નાશ થાય તેવા ફેરફાર કરવા પડે તે કરતાં બેસી રહેવું વધારે શ્રેષ્ઠ છે એમ તો સાદી નજરે પણ સમજી શકાય તેવું છે. દીર્ઘ દૃષ્ટાઓ શાસ્ત્રનો આદેશ પણ સારી રીતે સમજતા હતા. તેઓ જાણતા હતા કે–"જૈનધર્મના વ્યવહાર જીવનમાં–ખાસ કરીને વિધિ વિભાગને અંગે કોઇ બાબતનો ખાસ નિષેધ નથી અને કોઇ બાબત અમુક રીતેજ કરવી, તેથી બીજી રીતે નહિ એવો ખાસ હુકમ પણ નથી. લાભના આકાંક્ષી વણિકની પેઠે કોઇપણ કાર્ય કરતાં કે માર્ગ આદરતાં લાભ અને હાનિની તુલના કરવી–જે કાર્યમાં હાનિ કરતાં લાભ વધારે થાય તે કાર્ય કે તેનુંમાર્ગનો આદર કરવો અને જે કાર્યમાં હાનિ કરતાં લાભ ઓછો થાય તે મૂકી દેવું." આવી સરલતા ( elasticity ) જૈનશાસ્ત્રકારે બતાવી છે અને તે સજ્જડ પૂર્વના દૃષ્ટાઓમાં રહેતી હતી. આથી બંગાળમાંથી મારવાડમાં ધર્મ વ્યવસ્થા થઇ, મારવાડમાંથી ગુજરાતમાં થઇ તોપણ ધર્મનો નાશ થયો નહિ, દેશ કાળ પ્રમાણે મૂળસિદ્ધાન્તને અબાધિત રાખી ધર્મવ્યવસ્થા કરવામાં સુવિહિત આચાર્યોએ દૃષ્ટા તરીકે કાર્ય કર્યું અને અસલના મૂળ સ્વરૂપને લક્ષ્યમાં રાખી અનેક ફેરફાર કર્યા. વિચાર કરવાથી જણાશે કે આ સરલતાનો નિયમ કેટલાક વખતથી ભૂલાઈ ગયો છે. આખો સમય ફરી ગયો, પાશ્ચાત્ય પૌર્વાત્યનો સંયોગ થયો, મહા સંક્રાન્તિ કાળમાંથી આખો દેશ પસાર થઇ ગયો, છતાં આપણે હજુ જેવા ને તેવા રહેવા પ્રયત્ન કરીએ છીએ, પછાડા મારીએ છીએ અને પરિણામે પાછળ હડતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જઇએ છીએ. આપણે એટલું સ્વીકારશું કે દષ્ટાનું કાર્ય દરેક વ્યકિત ન કરી શકે, આપણે એટલું સ્વીકારશું કે વિચાર વગરના અવ્યવસ્થિત ફેરફાર કરવાથી સમાજ પાછો હઠી જાય છે, આપણે એટલું સ્વીકારશું કે સમાજશાસ્ત્ર સમજનાર અને સમાજને દોરનાર નેતા બહુ અલ્પ હોય છે, છતાં આપણે એટલું સાથે સ્વીકારવું પડશે કે હાલમાં જવાબદાર માણસો આ બાબતમાં નજર નાખતાંજ નથી, સવાલની મહત્વતા પ્રમાણે ગંભીર વિચાર કરતાજ નથી અને ફેરફાર થઇ શકે છે કે કરવાની જરૂર છે એ વાતનો સ્વીકાર પણ કરતા નથી. આવી સ્થિતિ હોય ત્યાં પરિણામ કેવું આવે તે વિચારવા લાયક છે, કલ્પનામાં લાવી શકાય તેવું છે અને આંખો ખુલ્લી રાખવામાં આવે તો દરરોજની દષ્ટિનો વિષય થઇ ગયેલ છે. શરૂઆતમાં જણાવ્યું તેમ પાંચદશ વરસ પહેલાં કરેલાં નિર્ણયો પણ અત્યારે નકામા અથવા પુનરાવર્તન કરવા યોગ્ય જણાય છે તો પછી ઘણા વરસોથી ફેરફાર વગર ચાલી આવતા નિયમોને ફરી તપાસી જોવાની કેટલી જરૂર હોય તે સમજવામાં તુરત આવી શકે તેવી બાબત છે. માટે આપણે ઘણો વિચાર કરવાની જરૂર છે, તેના નિર્ણયો દષ્ટા તરીકે વિચાર કરીને કરવાની જરૂર છે અને સમાજપ્રગતિને અંગે તેની અતિ જરૂર છે. એટલી સ્થિતિએ આપણે આવી પહોંચ્યા છીએ.

અત્યાર સુધીમાં સમાજ પરિસ્થિતિને અંગે કેટલા ફેરફારો કરવામાં આવ્યાં છે તે ઇતિહાસનો વિષય છે. સામાન્ય નજરે જોતાં જણાઇ આવે તેવું છે કે વીરપરમાત્માના વખતમાં ધર્મની જે પ્રણાલિકા હતી, સાધુજીવનનાં જે સૂત્રો હતાં તેમાં વખતો વખત ઘણો ફેરફાર કરવો પડ્યો છે; આત્મિકપ્રગતિને લક્ષ્યમાં રાખી મૂળ નિયમોનું સાધ્ય સ્પષ્ટ રાખી બહુ ફેરફાર કર્યા છે. ક્રિયાઉદ્ધારનાં અનેક પ્રસંગો દષ્ટાઓએ હાથમાં લઇ અનેક ફેરફારો કર્યા છે. શાસ્ત્રનાં ફરમાનો પણ દેશકાળ અનુસાર ફેરફાર કરવાની શાસ્ત્ર આજ્ઞા કરે છે અને જવાબદાર દષ્ટાઓને માથે તેની ફરજ મૂકે છે. જવાબદાર દષ્ટાઓ તરીકે મુખ્ય કર્તવ્યદષ્ટિ આચાર્યવર્ગની જોવામાં આવે છે અને તેમના સલાહકારક લઘુબંધુ તરીકે દીર્ઘ દષ્ટિવાળા શ્રાવકોનું કર્તવ્ય પણ સ્પષ્ટ થાય છે. વ્યવહાર નિશ્ચય-શાસન અને સમય-આદેશ અને વ્યવહારનું આવું સુંદર મિશ્રણ બહુ આનંદપ્રદ છે, સુંદર પરિણામ નીપજાવી શકે તેવું છે અને સંક્રાન્તિ કાળમાં ઘણુંજ જરૂરી છે. ઇતિહાસની નજરે જોઇએ તો બંગાળામાંથી મારવાડમાં ધર્મસ્થાપના થઇ ત્યારે ઘણા ફેરફારો થયા હોય એવું જણાઇ આવે છે, રાજ્યક્રાન્તિ થઇ ત્યારે મોટા ફેરફારો વિચારીને કરવા પડ્યા છે એવું જણાય છે અને પ્રગટ થયેલા શાસનપત્રો એ સર્વ બાબતનો સ્પષ્ટ પુરાવો આપે છે. મૂળથી જિનકલ્પ અને સ્થવીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પ માર્ગ નિર્દેશ કરવામાં પણ આવી દીર્ઘદૃષ્ટિ જણાય છે અને તત્ત્વજ્ઞ અને તત્ત્વઉપદેશકો તથા યોગીઓ વચ્ચેનો તફાવત પણ એજ દિશાએ નજર ખેંચે છે. આ પરિસ્થિતિ વર્તમાન કાળમાં રહી નથી એ તુરતજ લક્ષ્ય ખેંચે તેવી બાબત છે. અમુક બાબતનો નિર્ણય કરવા માટે જેમ પૂર્વકાળના ગ્રંથો જોવાની જરૂર છે તેમ વર્તમાન ઇતિહાસ અને દુનિયાની ગતિનાં માર્ગો જોવા સમજવાની પણ તેટલીજ જરૂર છે, પરંતુ તે પર બહુ લક્ષ્ય રહેતું હોય એમ જોવામાં આવતું નથી.

આપણી સામાજિક પ્રવૃત્તિને અંગે આપણે આપણી ધાર્મિક, રાજકીય, નૈતિક અને સાંસારિક પરિસ્થિતિનો વિચાર કરીએ, વિચાર કરીને તેમાંથી ખેંચવા જેવાં તત્ત્વો શોધી કાઢીએ, નિર્ણયનાં સાધનો સ્પષ્ટ કરી છુટાં પાડીએ અને સમાજનાં વિચાર માટે તે મૂકીએ તો એક પ્રકારનું નવું વાતાવરણ ઉત્પન્ન કરી શકાય છે. જેમ વિચાર વગરનાં ફેરફારો નુકશાન કરનારાં થાય છે તેમજ જે ફેરફાર કરવાનો સમય આવી લાગ્યો હોય છતાં મુલતવી રાખીએ તો તે પણ આત્મઘાત કરનારા થાય છે. સમાજશરીરને ઘસારાનો વ્યાધિ લાગ્યો છે એમ તો ઘણી બાજુથી જોતાં જોવામાં આવે છે. વ્યાપારમાં આપણે આપણું સ્થાન ગુમાવતાં જઇએ છીએ, રાજ્યદ્વારી લાગવગ કે પ્રગતિ માત્ર નામનીજ છે, કેળવણીમાં ઘણાં પછાત છીએ અને સંખ્યામાં ઘટતા જઇએ છીએ. આવા વખતમાં વિચારમાં પણ બહુ વખત કાઢવા યોગ્ય નથી, સખ્ત પ્રવાહ સામે કામ લેવાનું છે, અને સમય ખોવામાં નુકશાન છે. આથી મુદ્દાની બાબતોને મુલતવી ન રાખતાં સમાજદૃષ્ટિએ વિચાર કરી, નિર્ણયો કરી તાકીદે અમલ કરવાની ઘણી જરૂર લાગે છે. આવા વિચારો કઇ કઇ બાબતમાં ખાસ જરૂરનાં છે, સમાજ પ્રગતિ કરવા ઇચ્છતો હોય તો તેની પ્રગતિનાં તત્ત્વોમાં તફાવત કયાં કયાં છે અને સાંસારિક અને ધાર્મિક પ્રશ્નોને કેટલો સંબંધ છે તે વિગેરે અનેક પ્રશ્નોની ચર્ચા આ સર્વગ્રાહી ચર્ચામાં થઇ શકશે. એ ચર્ચા કરવાની ખાસ જરૂર છે, સમય તે માગે છે અને ધર્મ તેની જરૂર સ્વીકારે છે. આપણે સમાજની નજરે અગત્યનાં પ્રશ્નોપર વિચાર કરશું. દરેક વિચારશીલ બંધુએ શક્તિ પ્રમાણે વિચાર કરવાની જરૂર છે. બેસી રહેવાનો આ સમય નથી. સમાજની સ્થિતિ જોઈ, પ્રભુના ત્રિકાળશુદ્ધ સિદ્ધાન્તના હાલહવાલ જોઇ, દેશ અને વિશ્વ પ્રગતિમાં જૈનનું સ્થાન જોઇ સહૃદય માણસની આંખોમાં પાણી આવી જાય છે અને છાતી ધડકવા માંડે છે. એવા વખતમાં પ્રગતિ એકદમ કરવાની અને વિચારપૂર્વક કરવાની જરૂર છે. સમય ચુકયા પછી શું સ્થિતિ થશે તે કલ્પવું અશક્ય છે, પરંતુ 'મૃત્યુઘંટ' કોઈ વગાડે ત્યારે તામ્રપત્રને તિજોરીમાં મૂકવાનું કહે તો એથી ગભરાઇ ન જતાં એ તામ્રપત્રની અંદર રહેલા હેતુઓને સમજવાની જરૂર સ્વીકારવી એ સુજ્ઞનું કર્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણો નાશ થવાનો છે એવા આત્મઘાતી વિચાર સમાજને કોઇપણ દૃષ્ટિએ ઇષ્ટ નથી, એની સાથે આપણી વર્ત્તમાન સ્થિતિથી બીનવાકેફગાર રહેવું, આંખોને બંધ કરી ચાલવું એ પણ બને નહિ તેવું છે. તેટલા માટે વિશાળ દૃષ્ટિએ આગળ નજર કરી આપણી પરિસ્થિતિ વિચારવી અને રોગનાં કારણો શોધી તેને દૂર કરવા અથવા દૂર કરવાની દિશા તરફ લઇ આવવા વિચાર અને કાર્યને અંગે બનતો ફાળો આપી આ ધર્મસેવા બજાવવાની તક હાથ ધરવાની ખાસ જરૂર છે. આપણો નાશ થવાનોજ છે એમ માની હાથ જોડી બેસી રહેવાની જરૂર નથી, એમ બેસી રહેવાથી નાશ ન થવાનો હોય તોપણ જરૂર તે તરફ પ્રયાણ થાય અને પરિણામે વધારે ખરાબ સ્થિતિ આવતી જાય. ઉત્સાહથી, હોંશથી, કર્ત્તવ્યપ્રેરણાથી, સાધ્યને લક્ષ્યે, સમાજની દૃષ્ટિએ, વિશ્વની વ્યાપક નજરે આગળ વધવા જરૂર છે, વિચાર કરી કાર્ય લેવામાં આવે તો ભવિષ્ય ઘણું સુંદર છે. યોગ્ય પ્રયત્ન થાય તો વીરના ડંકા જગતમાં જરૂર વાગે એમાં નવાઇ નથી. વિશાળ નજરે, સમાજની દૃષ્ટિએ સમય ઓળખી કાર્ય લેવાની, યોજના કરવાની અને આગળ વધવાની જરૂર છે. જૈન સિદ્ધાન્તને 'સમય' નું નામ આપવામાં આવ્યું છે તેની અંદર રહેલ હેતુ સમજવા યોગ્ય છે. એ સમજવામાં આપણી પ્રગતિ છે, ધર્મની સેવા છે, સમાજનો અભ્યુદય છે અને વિશ્વની શાંતિ છે.

———:o:———

# मुखपृष्ठना श्लोकमां सूचवेली टुंकी कथाओ.

આ માસિકના અંદરના મુખપૃષ્ઠ પર આપેલ શ્લોકમાં કહ્યું છે કે—"અહો ભવ્ય જીવો! તમે દેવને શ્રેણિકરાજાની જેમ પૂજો, ગુરૂને કૃષ્ણવાસુદેવની જેમ વાંદો, દાન શ્રેયાંસકુમારની જેમ આપો, શિયળ સુદર્શનશેઠની જેમ પાળો, તપ પ્રથમ પ્રભુની જેમ કરો, પ્રસંગને યોગ્ય ઉત્તમ ભાવના પ્રથમ ચક્રી (ભરત)ની જેમ ભાવો અને ધર્મકર્મમાં કામદેવ શ્રાવકની જેમ ચિત્તને સ્થિરપણે સ્થાપો."

આ શ્લોકમાં સૂચવેલી ૭ કથાઓ ટુંકામાં નીચે પ્રમાણે છે.

## (૧) શ્રેણિકરાજા.

શ્રેણિકરાજા રાજગૃહીમાં રાજ્ય કરતા હતા, પ્રથમ તેઓ મિથ્યાદૃષ્ટિ હતા, પાછળથી વીરપરમાત્માના ઉપદેશથી અને અનાથી મુનિના સંયોગથી તે જૈનધર્મમાં દૃઢ થયા હતા. તેનું સમકિત નિર્મળ હતું, પરંતુ અવિરતિનો તીવ્ર ઉદય હોવાથી તે વ્રત નિયમ કાંઇ પણ કરી શકતા નહોતા. શ્રી વીરપરમાત્મા પ્રત્યે તેમનો અપૂર્વ ભક્તિભાવ હતો. પ્રભુ આજે કયાં વિચરે છે તેના ખબર તેને દર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિત્ય સુવર્ણ આણુસથી પ્રાતઃકાળમાં આવતા હતા. તે વખતે પ્રભુ જે દિશામાં વિચરતા હોય તે દિશા સન્મુખ તે ૧૦૮ સોનાના જવનો સ્વસ્તિક કરી ચૈત્યવંદન કરતા હતા. ભગવંત રાજગૃહી પધારે ત્યારે પ્રાયે દરરોજ તેમની દેશના સાંભળવા જતા હતા. પરમાત્મા ઉપરની અપૂર્વ ભક્તિથી તેમણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. જૈનધર્મ પામ્યા અગાઉ તેમણે પ્રથમ નરકનું આયુષ્ય બાંધ્યું હતું, તેથી મરણ પામીને તો તેઓ પ્રથમ નરકે ગયા પરંતુ ત્યાંથી નીકળીને આ ભરતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં પદ્મનાભ નામના પ્રથમ તીર્થંકર થશે, અને ચતુર્વિધ સંઘની તથા ધર્મની સ્થાપના કરી મોક્ષપદને મેળવશે. પરમાત્માની ભક્તિ શ્રેણિકરાજાની જેવી કરવી કે જેથી આપણે પણ તેવું ફળ પ્રાપ્ત કરી શકીએ.

## (૨) ગોવિંદ (કૃષ્ણવાસુદેવ).

દ્વારિકામાં કૃષ્ણવાસુદેવ રાજ્ય કરતા હતા. આ ભરતક્ષેત્રના દક્ષિણ બાજુના તે ત્રણખંડના સ્વામી હતા. સમુદ્રવિજયાદિ દશ ભાઈઓમાં નાનાભાઇ વસુદેવના તે પુત્ર હતા. સમુદ્રવિજયના મુખ્ય પુત્ર નેમિનાથ નામે હતા. તેમણે બાળબ્રહ્મચારીપણામાંજ ચારિત્ર ગ્રહણ કર્યું હતું; અને કેવળજ્ઞાન મેળવી બાવીશમા તિર્થંકરપણે પ્રસિદ્ધ થયા હતા. તેમને ૧૮૦૦૦ મુનિનો પરિવાર હતો. અન્યદા પોતાના સર્વ પરિવાર સહિત તેઓ દ્વારિકા સમીપે પધાર્યા. કૃષ્ણવાસુદેવ તેમને વાંદવા ગયા. પ્રભુને વાંદ્યા પછી તેમને એવી ઇચ્છા થઇ કે 'આ મહા ઉત્તમ સર્વ મુનિઓને વિધિપૂર્વક વાંદું.' તે ઇચ્છા તેમણે તરતજ અમલમાં મૂકી. અને ૧૮૦૦૦ મુનિને વિધિપૂર્વક વાંદ્યા. આ કાર્યથી તેમને બહુ શ્રમ લાગ્યો. સર્વ મુનિને વાંદ્યા પછી પ્રભુ પાસે આવી તેમણે પોતાને શ્રમ લાગ્યાની હકીકત નિવેદન કરી. પ્રભુએ કહ્યું કે—'હે કૃષ્ણ! તમને શ્રમ લાગ્યો નથી, પણ તમારો શ્રમ ઉતર્યો છે.' કૃષ્ણે એની સ્પષ્ટતા કરવા પ્રાર્થના કરી, એટલે પ્રભુએ કહ્યું કે—'તમે આજસુધીના સંગ્રામાદિકથી સાતમી નરકે જવા યોગ્ય પાપપુંજ એકઠો કર્યો હતો, તે ઘટી જઇને ત્રીજી નરકે જવા જેટલોજ રહ્યો છે. ક્ષાયિક સમકિતની તમને પ્રાપ્તિ થઈ છે અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે.' આ હકીકત સાંભળી કૃષ્ણને હર્ષ ને શોક બંને થયા. તેમણે ત્રીજી નરકે જવા જેટલો પાપપુંજ પણ નષ્ટ કરવા માટે ફરીને ૧૮૦૦૦ મુનિને વાંદવા ઇચ્છા જણાવી. પ્રભુએ કહ્યું કે—'હવે આશીભાવથી તમે મુનિવંદન કરશો તેથી તમને તેવા ફળની પ્રાપ્તિ નહીં થાય.' કૃષ્ણ જો કે તે ભવમાંથી તો મૃત્યુ પામી ત્રીજી નરકે ગયા છે, પરંતુ ત્યાંથી નીકળ્યા પછી આ ભરતક્ષેત્રમાંજ આવતી ચોવીશીમાં ૧૨ મા અમમ નામે તીર્થંકર થવાના છે. ગુરૂવંદન આપણે પણ એની જેવાજ ભક્તિભાવથી કિંચિત્ પણ આશીભાવ રાખ્યા સિવાય કરવું કે જેથી આપણે પણ તેમના જેવું ફળ પ્રાપ્ત કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ( ૩ ) શ્રેયાંસકુમાર.

**શ્રી ઋષભદેવ** નામના પ્રથમ તીર્થંકરે જ્યારે ચારિત્ર ગ્રહણ કર્યું ત્યારે આ ભરતક્ષેત્રમાં મુનિને કઈ વસ્તુનું કેવી રીતે દાન દેવાય ? તે કોઈ જાણતું નહોતું. દીક્ષા લીધા પછી ઋષભદેવ એક વર્ષ સુધી આહાર લેવા માટે બધે ફર્યા, પરંતુ 'આહાર જેવી તુચ્છ વસ્તુ પ્રભુને કેમ અપાય ?' એમ ધારી કોઈએ આહારનું નિમંત્રણ પ્રભુને કર્યું નહીં. હાથી, ઘોડા, કન્યા અને અન્ય ઋદ્ધિ પ્રભુની આગળ ધરવા લાગ્યા. પ્રભુએ તે સર્વનો તો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કર્યો હતો, તેથી તેમાંનું કાંઇ ગ્રહણ કર્યું નહીં. એ પ્રમાણે એક વર્ષ વ્યતિત થયું. હવે ઋષભદેવજીના બીજા પુત્ર **બાહુબલીના** પુત્ર સોમયશાને **શ્રેયાંસ** નામે પુત્ર હતો. તેને એક રાત્રિએ પોતે મહા ઉત્તમ કાર્ય કર્યાનું સ્વપ્ન આવ્યું, તે સ્વપ્ન શી રીતે ફળે છે તેનો તે વિચાર કરે છે, તેવામાં પ્રભુ આહાર માટે તેનીજ નગરીમાં ફરતા નીકળ્યા. શ્રેયાંસે દૂરથી દીઠા, એટલે ઉહાપોહ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેણે પ્રભુ સાથેનો પોતાનો પૂર્વભવોનો સંબંધ જાણ્યો. તે સાથે મુનિને દાન કેમ દેવાય ? તેનું પણ તેને સ્મરણ થયું. તેજ અવસરે કોઇ માણસે આવીને તેમને તરતના કાઢેલા શેરડીના રસના ઘડાઓ ભેટ ધર્યા. શ્રેયાંસે પ્રભુ પાસે આવી પોતાને ત્યાં પધારવા વિનંતિ કરી અને અપૂર્વ ભાવથી શેરડીનો રસ પ્રભુને વહોરાવ્યો. પ્રભુ પાણિપાત્ર હતા. એટલે તેઓ હાથમાંજ લઇને આહાર કરનારા હતા. અન્ય પાત્ર રાખતા નહોતા, પરંતુ તેમને એવી લબ્ધિ હતી કે તેમના હાથમાં લીધેલું કાંઈપણ નીચે ઢળી પડતું નહોતું. શ્રેયાંસે આપેલા શેરડીના રસથી પ્રભુએ વરસીતપનું પારણું કર્યું. શ્રેયાંસે એ દાનથી અતિ ઉત્કૃષ્ટ લાભ મેળવ્યો. તેણે લોકોની પાસે મુનિને દાન કેમ અપાય અને શું વસ્તુ અપાય તે હકીકત તમામ પ્રકટ કરી, જેથી મુનિને વિશુદ્ધ આહારપાણી આપવાની પ્રવૃત્તિ ત્યારથી શરૂ થઇ. શ્રેયાંસકુમાર તેજ ભવમાં ચારિત્ર લઇને મોક્ષે ગયા. આપણે પણ તેની જેવાજ ઉત્તમ ભાવથી ઉત્તમ મુનિમહારાજને ઉત્તમ અને નિર્દોષ વસ્તુનું દાન આપવું કે જેથી આપણે પણ તેના જેવું ફળ પ્રાપ્ત કરીએ.

## ( ૪ ) સુદર્શન શેઠ.

ચંપાનગરીમાં સુદર્શન નામે શેઠ રહેતા હતા, તેને **મનોરમા** નામે સ્ત્રી હતી. તે બંને શિયળ ધર્મ પાળવામાં દૃઢ હતા. ત્યાંના રાજાના પુરોહિતની સાથે સુદર્શન શેઠને મૈત્રી હતી. તેનું નામ કપિલ હતું. તે પોતાની સ્ત્રી કપિલા પાસે સુદર્શન શેઠના રૂપાદિકની હરરોજ પ્રશંસા કરતો હતો. તેથી કપિલા તેના પર વ્યામોહ પામી હતી. એક દિવસ કપિલ બહાર ગામ ગયો હતો, એટલે કપિલા 'પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનું શરીર નરમ હોવાથી બોલાવે છે ' એવા મિષથી સુદર્શન શેઠને પોતાને ઘેર લઈ આવી. ઘરમાં આવ્યા પછી તેણે સુદર્શન શેઠની પ્રાર્થના કરી. સુદર્શન શેઠ ચેતી ગયા. તેણે કહ્યું કે ' હું રૂપવંત છું, પણ નપુંસક છું, તેથી તારી ઈચ્છા પૂર્ણ કરી શકું તેમ નથી. ' આમ કહેવાથી કપિલાએ તેને જવા દીધા.

અન્યદા વસંતક્રિડા કરવા ત્યાંના રાજા ઉદ્યાનમાં ગયા હતા. તેમની પાછળ તેની રાણી અભયા અને તેની સાથે પેલી કપિલા ઉદ્યાનમાં જતી હતી. તેને માર્ગમાં છ પુત્ર સહિત જતી મનોરમા મળી. કપિલાએ ' આ સ્ત્રી કોણ છે ? એમ અભયાને પૂછ્યું. તેણે તેને સુદર્શન શેઠની સ્ત્રી તરીકે ઓળખાવી. કપિલાએ કહ્યું કે—' તે તો નપુંસક છે, તેને પુત્ર ક્યાંથી ! ' અભયાએ તેનું રહસ્ય જાણીને કપિલાની હાંસી કરી. કપિલાએ કહ્યું કે ' તમારી બહાદુરી ત્યારે કે તમે તેને વશ કરો. ' અભયાએ તેમ કરવાની પ્રતિજ્ઞા કરી.

અન્યદા કૌમુદી મહોત્સવ આવતાં નગરલોક સર્વ ઉદ્યાનમાં ગયા. રાજા પણ ગયા. અભયા માંદગીનું મિષ કાઢીને રાજમહેલમાં રહી. સુદર્શન પોસહ કરીને કાયોત્સર્ગે રહ્યા હતા. ત્યાંથી અભયાની દાસી **પંડિતા** દેવમૂર્ત્તિના મિષે સુદર્શન શેઠને ઉપાડી લુગડે ઢાંકી રાજમહેલમાં લઇ ગઇ. અભયા અત્યંત રૂપવતી હતી. તેણે સુદર્શનને ચળાવવા ઘણા પ્રયત્ન કર્યા. સુદર્શન કિંચિત્ પણ ચળાયમાન ન થયા. પછી અભયાએ પોકાર કર્યો, એટલે રાજસેવકોએ તેમને પકડીને રાજા પાસે રજુ કર્યા. રાજાએ બહુ રીતે ખુલાસો પૂછ્યો, પણ સુદર્શન મૌનજ રહ્યા. રાજાએ તેને શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. સેવકો વધભૂમિએ લઇ ગયા.

અહીં સુદર્શન શેઠની સ્ત્રી મનોરમાને તે વાતની ખબર પડી. તેણે શાસન દેવીને આરાધવા કાયોત્સર્ગ કર્યો. રાજસેવકોએ સુદર્શનશેઠને શૂળીએ ચડાવ્યા, એટલે શાસનદેવે શૂળીનું સિંહાસન કરી દીધું. રાજાને ખબર પડતાં તે ત્યાં આવ્યા. સુદર્શનનું બહુ માન કર્યું. અભયાને તેની દાસી સહિત કાઢી મૂકી. સુદર્શન શેઠ ઘરે આવ્યા, એટલે મનોરમાએ કાઉસગ્ગ પાર્યો. તેમનો શિયળનો પ્રભાવ સર્વત્ર વિસ્તાર પામ્યો. આપણે પણ તેવુંજ ઉત્તમ શિયળ પાળવું કે જેથી તેમની જેવા ઉત્તમ ફળને પામીએ.

## ( ૫ ) ઋષભદેવ,

આ ચોવીશીમાં પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ થયા. તેમણે સંસાર છોડી ચારિત્ર ગ્રહણ કર્યું, તે વખતે મુનિદાનનો વિધિ કોઇ જાણતું નહોતું, તેથી પ્રથમ પ્રભુને એક વર્ષ પર્યંત આહાર મળ્યો નહીં. પરંતુ તેઓએ કિંચિત્ પણ ગ્લાનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ ન પામતાં દરરોજ તપોવૃદ્ધિજ કરી. આહારની તિવ્ર અભિલાષા, આહાર ન મળવાથી ચિત્ત કલેશ, આહાર મેળવવા માટે ચીવટવાળી તજવીજ–આવું કાંઈ પણ કર્યું નહિ. પોતાના મૌનપણાને દૂર કરી મુનિદાનનો માર્ગ કોઈને સૂચવ્યો પણ નહીં. તેમના અધ્યવસાયમાં પ્રથમ દિવસ કરતાં વર્ષના છેલ્લા દિવસ સુધી કાંઇ પણ ફેર પડ્યો નહીં, શરીરપર મૂર્છા ભાવ આવ્યો નહિ. આટલા કારણથીજ આહારાર્થે જતા હતા, છતાં તેમનો તપ કહેવાયો. દીર્ઘકાળ પર્યંત આહાર ન મળવા છતાં આવા એક સરખા અધ્યવસાય રહેવા એ મહા મુશ્કેલ છે. મુનિ નિરંતર તપસ્વી ગણાય છે તેનું કારણ પણ એજ છે. મુનિ આહાર ગ્રહણ કરે છે તો પણ તેનો ઉપયોગ એવી રીતે કરે છે કે જેથી તેમને તપસ્વી કહી શકાય છે. પ્રથમ પ્રભુએ પોતાના દૃષ્ટાંતવડે ખરેખર તપ કેવો હોય તે બતાવી આપ્યું છે. આપણે પણ આહારની મૂર્છા ઘટાડી શરીર પરનો મમત્વ ઓછો કરી તપધર્મ આદરવામાં પ્રવૃત્તિ કરવી યોગ્ય છે કે જેથી તેના પરમ ફળને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થઇએ.

## ( ૬ ) ભરત ચક્રી.

પ્રથમ પ્રભુના પુત્ર ભરત આ ચોવીશીમાં પ્રથમ ચક્રવર્તી થયા છે, તેમણે છ ખંડનું રાજ્ય કર્યું, તેને અંગે અનેક પ્રકારનાં આરંભ સમારંભ પણ કર્યાં, છતાં તેમનું અંતઃકરણ તેમાં તદ્રૂપ થઇ જતું નહોતું. તેનું કારણ એજ કે તેઓ ચરમશરીરી હતા–તેજ ભવમાં મોક્ષે જનારા હતા. ચક્રવર્તી જો રાજ્યઋદ્ધિ છોડીને ચારિત્ર લેતા નથી અને ભવના અંત સુધી તેમાં આસક્ત રહે છે તો તેઓ અવશ્ય નરકેજ જાય છે, કારણ કે તેમના પાપનો સરવાળો બહુ મોટો થઇ જાય છે. ભરત ચક્રી સંસારથી છુટવા અથવા સંસાર છોડવા અત્યંત ઉત્સુક હતા, પરંતુ તેમણે પૂર્વે મુનિરાજની ભક્તિ કરવાથી બાંધેલું ભોગફળ કર્મ ઘણું હતું, તેથી તેઓ સંસાર છોડી શકતા નહોતા.

એકદા તેઓ પોતાના આદર્શભુવનમાં બેઠા હતા, તેવામાં અચાનક તેમની એક આંગળીમાંથી વીંટી નીકળી પડી. રત્નજડિત વીંટી નીકળી પડવાથી તેનાવડે વધારે શોભતી આંગળી ઝાંખી લાગવા માંડી. ચક્રવર્તીએ તેનું કારણ વિચાર્યું, એટલે પ્રથમ તેની જે શોભા હતી તે વીંટીવડે થયેલી સમજાણી. પછી તે હકીકતને વિશેષ સિદ્ધ કરવા બીજી વીંટીઓ કાઢી. એમ કરતાં કરતાં બધા આભુષણો ઉતાર્યાં, એટલે તો પત્ર પુષ્પ ને ફળ વિનાના વૃક્ષ જેવું પોતાનું શરીર દેખાડ્યું. જે શરીરની શોભાથી પોતે રાજી થતા હતા તે શોભા તો બધી પરપુદ્ગલજન્ય સમજાણી. વિચારશ્રેણી આગળ વધતાં આ શરીર પણ પર છે એમ સમજાયું. સ્વપરના વિવેચનમાં આગળ વધતાં આત્મિક ગુણો–

For Private And Personal Use Only

... દર્શન ચારિત્રાદિજ પોતાના લાગ્યા; એટલે તેને સંપૂર્ણપણે પ્રાપ્ત કરવાની ઇચ્છા ... જાગી, એ પ્રમાણે શુભ ભાવે ચડતાં પોતાના આરીસાભુવનમાં ઉભા ઉભાજ ... કર્મનો ક્ષય કરીને તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. દેવોએ મુનિવેષ આપ્યો. ઇંદ્રા-દિ આવીને વંદના કરી. અનેક સ્થાને વિચરી ઘણા ભવ્ય જીવોને તેમણે પ્રતિબોધ ... અને પ્રાંતે મોક્ષે ગયા. આપણે પણ સાંસારિક મોહ ઘટાડી એવી ઉજ્જવળ ભાવના ભાવવી જોઇએ કે જેથી આપણો આત્મા વિશેષ નિર્મળ થાય અને આપણે ... પરમપદ મેળવી શકીએ.

## ( ૭ ) કામદેવ શ્રાવક.

ભગવંત મહાવીરસ્વામીએ પ્રતિબોધ પમાડીને શ્રાવકધર્મ અંગીકાર કરાવેલા શ્રાવકોમાં મુખ્ય આનંદાદિ ૧૧ શ્રાવકો હતા, તેની અંદર કામદેવ પણ હતા. તે ચંપાનગરીમાં રહેતા હતા, તેની સ્ત્રીનું નામ ભદ્રા હતું, તેમણે બંનેએ ભગવંત પાસે શ્રાવકધર્મ અંગીકાર કર્યો હતો. કેટલાક વર્ષ પર્યંત શ્રાવકધર્મ પાળ્યા પછી તેની ઇચ્છા શ્રાવકની ૧૧ પડિમા વહેવાની થઇ, એટલે ગૃહભાર પુત્રની ઉપર સ્થા-પીને તેમણે શ્રાવકની પડિમા વહેવા માંડી.

એક દિવસ તેની ઇંદ્રે કરેલી પ્રશંસાને નહીં સદ્દહતા એક દેવે આવીને તેને ધર્મથી ચુકાવવા માટે એક રાત્રીમાં અનેક પ્રકારનાં પ્રાણાંત ઉપસર્ગો કર્યા, પરંતુ કામદેવ શ્રાવક કિંચિત્ માત્ર પણ ચલાયમાન થયા નહીં, પ્રભાતે ભગવંતને વંદન કરવા જતાં ભગવંતે સ્વમુખે તેની મુનિઓ પાસે પ્રશંસા કરી. તે શ્રાવકની પડિમાનું વ-હન કરી પ્રાંતે મરણ પામીને પ્રથમ દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવીને મનુષ્ય થઇ સિદ્ધિ-સામ્રાજ્ય મેળવશે. એક શ્રાવક પ્રાણાંત ઉપસર્ગો થતાં પણ આવી દ્રઢતા બતાવે એ આશ્ચર્યકારક હકીકત છે અને એમ હોવાથીજ તે ભગવંતની પ્રશંસાનું પાત્ર થયેલ છે. આપણે પણ ધર્મને યથાર્થ ઓળખી, તેને અંગીકાર કરી, તેની પ્રતિપાલનામાં તેની જેવા દ્રઢ થવાનો પ્રયત્ન કરવો જોઇએ કે જેથી તેની જેમ એકાવતારી થવા ભાગ્યશાળી થઇ શકીએ.

જુદી જુદી બાબતો ચર્ચતાં આ સાતે દ્રષ્ટાંતો બહુ ઉપયોગી અને મનન કરવા લાયક છે. આ સાતે ગુણો યથાશક્તિ જીવનમાં ઉતરવાથી ઘણો ઇહલૌકિક અને પાર-લૌકિક લાભ અવશ્ય થાય તેમ છે. આ ઉત્તમ ગુણો બને તેટલા પોતાનામાં ઘટાવવાનો ઉદ્યમ કરવો તે દરેક સુજ્ઞનું કર્તવ્ય છે. દ્રષ્ટાંતથી આવી બાબતો વિશેષ સમજવામાં આવે, તેથી ટુંકા દ્રષ્ટાંતો સહિત આ બધા ઉત્તમ ગુણો અત્રે દર્શાવવામાં આવ્યા છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्फुट नोंध अने चर्चा.

ગત માસના અંકમાં જૈનવર્ગની ચાલુ પરિસ્થિતિ ઉપર અજવાળું પાડે તેવા ચાલુ જમાનાને ઉપયોગી સર્વ પ્રકારના લેખો આ માસિકમાં લખી મોકલવાની અમોએ જૈન વિદ્વાનો અને ગ્રેજ્યુએટ્સ બંધુઓને વિનંતિ કરેલી છે. આ માસિકમાં તેવા ઉપયોગી લેખો દાખલ કરવાનો અમોએ નિર્ણય પણ જાહેર કરેલો છે, અને વિદ્વાન્ બંધુઓ પોતાની વિદ્વત્તાનો લાભ જૈનકોમને અવશ્ય આપશેજ, અને કોમને ચાલતા વખતમાં ઉપયોગી વિષયો ઉપર પોતાના વિચારો જરૂર દર્શાવશે એવી અમારી ખાત્રી છે. લેખકબંધુઓને તે માટે વિજ્ઞપ્તિ કરવાની કે તેઓએ પોતાના લેખો બનતાં સુધી શાહીવડે અને કાગળની એકજ બાજુ લખી મોકલવા. ભાષાંતરનાં લેખ હોય તો તે કયા પુસ્તકમાંથી અગર માસિકમાંથી લીધેલા છે તે અવશ્ય લખી મોકલવું. વૈજ્ઞાનિક, ઐતિહાસિક, સામાજિક અને તેવાંજ ચાલુ જમાનાને અને કોમને ઉપયોગી લેખો ઉપર પ્રથમ લક્ષ આપવામાં આવશે. બનતા સુધી પ્રત્યેક માસની પૂર્ણિમા પહેલાં લેખ અમને પહોંચે તેવી વ્યવસ્થા રાખવી.

* * * *

આવા મોંઘવારીના વખતમાં વધતા જતાં ખર્ચને પહોંચી વળવા માટે આ માસિકમાં જાહેર ખબરો લેવાનો પણ અમોએ નિર્ણય કરેલો છે. જૈનોમાં સૌથી જુના અને પ્રખ્યાતિ પામેલા આ માસિકમાં જાહેર ખબરો આપવાથી તેનો લાભ બીજા કરતાં ઘણા વધારે પ્રમાણમાં મળી શકશે તે ચોકસ છે. જાહેર ખબર કેટલા માસ સુધી આપવાની છે, તેનું પ્રમાણ કેટલું છે, તે બધું વિગતથી લખી મોકલવાથી જાહેર ખબરના દર પત્રવ્યવહારથી નક્કી કરવામાં આવશે.

* * * *

આ માસિક વધારે મોટા કદમાં બહાર પડે, તેમાં વિશેષ ઉપયોગી લેખો આવે તેવી યોજનાઓ હાલમાં ચાલ્યાજ કરે છે. વળી આ માસિકમાં જૈન ધર્મને લગતાં ઉપયોગી ચિત્રો હવે પછી આપવાનો પણ અમારો વિચાર છે; પણ આ બધું ગ્રાહકોનો વિશેષ ઉત્સાહ અને તત્પરતા હોય તોજ બની શકે તેમ છે. માસિકનું લવાજમ તરત મોકલી આપવું, અને ગ્રાહકસંખ્યામાં બહુ સારી વૃદ્ધિ કરવી– આ બે પ્રયત્ન ગ્રાહકો કરશે એટલે ભવિષ્યમાં આ માસિક બહુ વિશેષ વૃદ્ધિ પામશે તે નિર્ણીત હકીકત છે. ગ્રાહકબંધુઓ અમારી આ વિનંતિ જરૂર સ્વીકારશે એવી આશા છે.

* * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યારે જૈન કોમ જે સ્થિતિ ઉપર છે તે સ્થિતિમાં બહુ વધારે જવાબદાર આગેવાનો અને નેતાઓની તેને જરૂર છે. જૈન કોમની વૃદ્ધિ કેવી રીતે થાય, તેમાં કેળવણી તથા જ્ઞાનનાં બીજો કેવી રીતે વધારે ફેલાય, કોમનો ઉદય કેવી રીતે સત્વર થાય, વળી જૈનધર્મનાં મૂળ સિદ્ધાંતો અને સૂત્રોનો તથા ગ્રંથોનો વિશેષ ફેલાવો કેવી રીતે થાય, તેનું અતિ ઉપયોગી સર્વ વિષયો ચર્ચતું જ્ઞાન કેમ વિશેષ બહાર આવે અને તેવા પ્રયત્નો કરી શકે તેવી જવાબદાર વ્યક્તિઓની સત્વર વૃદ્ધિ થાય તેમ સર્વ જ્ઞાતિ અને ધર્મહિતૈષી બંધુઓ ઈચ્છે છે. પદવી ધારણ કરવી તે એવી વસ્તુ છે કે તે પદવી ધારણ કરનારની જવાબદારી પછીથી ઘણી વધે છે, અને કોમ તથા ધર્મના અભ્યુદયમાં સતત્ પ્રયાસ કરનારનીજ પદવી ધારણ કરી સાર્થક છે. આ પદવીમાં પણ આચાર્ય જેવી મહાન્ પદવી—ગચ્છના ધોરી—ગણનાયકની પદવી તો વિશેષ જવાબદારી વધારે છે. તેવી પદવી અલંકૃત કરનારા સાધુ મહાત્માને તો સાધુસમુદાય અને શ્રાવકસમુદાય સર્વના હિતમાં તત્પરતા બતાવવી પડે છે, અને તેમનું અહર્નિશ વર્તન તથા વાગ્વ્યવહારાદિ પણ કોમનો અભ્યુદય કરે, તેની ઉન્નતિ કરે, કોમમાં પ્રસરી રહેલ અંધકાર—પક્ષાપક્ષી કે કલેશાદિ પણ દૂર કરે તેવાંજ હોય છે. આવા આચાર્યપદવીધર અને પોતાની જવાબદારી જાણવામાં તત્પર મુનિમહારાજાઓ જૈન કોમમાં જેમ વધે તેમ જૈન કોમને અને ધર્મને ઘણો ફાયદો છે એવી અમારી માન્યતા છે. હાલમાં અમારા સાંભળવામાં આવ્યું છે કે વૈશાક શુદિ ૧૦ મીને દિવસે શ્રી સુરતના સંઘ તરફથી પંન્યાસજી શ્રી આણંદસાગરજીને આચાર્ય પદવી આપવામાં આવનાર છે. આ મહાત્માનો અમને ઘણા વર્ષથી પરિચય છે. શાસન સંબંધી કાર્ય કરવાની, વિદ્યાર્થીઓને ભણાવવાની અને જ્ઞાનેચ્છુઓને સંતોષવાની તેમની અહર્નિશની તત્પરતા ખરેખર પ્રશંસનીય—આદરણીય છે. તેમાં પણ હાલમાં અમુક વર્ષથી તેમણે આગમોદય સમિતિ અને જૈન સૂત્ર વાંચનને અંગે જે ભગીરથ પ્રયત્ન આદર્યો છે તેનો વિચાર કરતાં તેઓશ્રી આ પદવીને ખરેખર યોગ્ય જ છે તેમ કહ્યા વિના ચાલતું નથી. અમો આ પદવીદાનને અંગે તેઓ સાહેબને અંતઃકરણપૂર્વક ખાસ અભિનંદન આપીએ છીએ, અને જૈન કોમ તરફથી બહુ નમ્રતા સાથે તેમને વિનંતિ કરીએ છીએ કે:—

" પૂજ્ય ગુરૂવર્ય ! મહાત્મન્ ! આપને જે ઉચ્ચ પદવી આપવાની શ્રી સુરતસંઘે યોગ્યતા જોઇ છે તે પદવીને આપ અવશ્ય સંપૂર્ણ રીતે શોભાવશો., જૈનોમાં પ્રસરેલ કલેશાદિ તટસ્થ રહી દૂર કરવા પ્રયત્ન કરશો, આપે જે મહાન્ કાર્ય આરંભ્યું છે અને જે માટે આપ સંપૂર્ણ આત્મભોગ આપી રહ્યા છો તે કાર્ય પાર પાડશો અને જૈન કોમ બધા સૂત્રો શુદ્ધ અને છાપેલા મેળવવા ભાગ્યશાળી થાય તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટેનો આપનો સતત્ ઉદ્યમ જીંદગીભર ચાલુ રાખશો. ગચ્છનાયક તરીકે અત્યારે નજરે નિહાળાતી વધતી ગયેલી નકામી ગચ્છની ખટપટો શાંત પાડવા કટીબદ્ધ થશો, શ્રાવક સમુદાયમાંથી પક્ષાપક્ષી દૂર કરાવશો, કોમ કોમ વચ્ચે વધી ગયેલ વૈમનસ્ય દૂર કરાવશો અને પન્યાસ તથા આચાર્ય પદવીથી અલંકૃત થયેલા આપ તે બંને પદવીથી દેખાડાતા જ્ઞાન અને ક્રિયાના શુદ્ધ માર્ગો અમને સવિશેષ બતાવી કર્તવ્યપરાયણુતામાં જોડશો."

* * * *

જૈન કોમને શુદ્ધ રસ્તે દોરે અને જૈન ધર્મમાં દેખાડેલા શુદ્ધ તત્ત્વોનો વિશેષ ફેલાવો થઇ શકે તે માટે સાધુ સમુદાયની ઘણી અગત્ય છે, અને આ સમુદાય જેમ મોટો હોય તેમ કાર્ય વિશેષ થઇ શકે એવી અમારી માન્યતા છે. સંસાર ઉપર ખરો વૈરાગ્ય પ્રગટ થતાં સંસાર ત્યાગ કરી સાધુસમુદાયમાં ભળી જવું તે ઉત્તમ છે, પણ આ જમાનાને અંગે આવી રીતે દીક્ષા લેવા ઇચ્છનારા બંધુઓએ પ્રથમથી પોતાના માતપિતાદિકની અને અન્ય કુટુંબી વર્ગની રજા લીધા પછીજ સંસાર ત્યાગ કરવાની ઈચ્છા કરવી, અને દીક્ષા પણ ત્યારપછીજ તેને આપવી તે ઉત્તમ છે. શાસનની શોભા અને તેની વૃદ્ધિ માટેજ આ કાર્ય છે. દીક્ષા આપવાથી જેમ એક સંસારમાં લુબ્ધ મનુષ્યનો ઉદ્ધાર થાય છે, તેવીજ રીતે તેમાં જૈન શાસનની પણ વિશેષ શોભા અને ઉત્તમતા દેખાય છે. ઘણી વખત સંસારના મોહગ્રસ્ત માબાપો અગર અન્ય સ્વજનાદિક આ બાબત ભૂલી જાય છે, અને તેમની રજા લીધા વગર દીક્ષા લેવા જનાર માટે ખોટી દોડાદોડી કરી શાસનની હેલણા થાય તેવું કૃત્ય કરવામાં આવે છે. વળી આમ થવાથી પ્રથમ રજા લેવા જતાં ઘણી વખત જે મુશ્કેલી નડતી નથી, અગર સહેલાઈથી કાર્યસિદ્ધિ થઇ શકે છે, તે પછીથી વધારે મુશ્કેલ, અગવડતાવાળું અને શોભા ઘટાડનારૂં થઇ પડે છે. કેટલીક વખત પાછળથી દીક્ષા લેનારની ઇચ્છા ભાંગી જાય છે, દેનારને નાસીપાસી થાય છે, અન્ય ધર્મીઓ અને જૈન ભાઇઓને પણ ગમે તેવું બોલવાની તક મળે છે, અને સાધુ સમુદાય તરફ ઘણા બંધુઓનો પૂજ્યભાવ ઘટવાનું અને વિરૂદ્ધ બોલવાનું કારણ ઉપસ્થિત થાય છે. દીક્ષા દેવાની બાબતમાં હાલ તો વખત અને વ્યક્તિને જોઇને જો વર્તવામાં આવે તોજ શાસનની શોભાનું કારણ તે બનશે તેમ અત્યારનો સમય જોતાં અમને લાગે છે.

* * * *

આ સમયમાં દરેક ચીજોનો ભાવ ઘણો વધી ગયો છે. ખાધાખોરાકીની અને પહેરવા ઓઢવાની ચીજો ઉપરાંત બીજી બધી ચીજો પણ તેટલીજ મોંઘી થઈ ગઈ છે, અને ગરીબ માણસોને તો જ્યારે ઉદરનિર્વાહનો સવાલ થઇ પડ્યો છે, ત્યારે શ્રીમંત માણસોને પણ મોજશોખની ચીજો વાપરવાનો તો ઘણે સ્થળે સવાલ ઉભો થતો માલુમ પડે છે. આવે વખતે જે જે દેરાસરો પડી જવાની હાલતમાં

For Private And Personal Use Only

જુનાં થયાં હોય તેને તો સમરાવવાની જરૂર છે તેમાં કોઈથી ના કહી શકાય તેમ નથી, પણ જે દેરાસરો સંપૂર્ણ સારી હાલતમાં હોય તેવાં દેરાસરોમાં આરસ કે લાદી જડાવવાનું યા શોભા વધારવાનું કાર્ય આવી મોંઘવારીના સમયમાં કરાવવું તે દેરાસરના રૂપિયાનો નકામો વધારે વ્યય કરાવવા જેવું છે તેમ અમને તો જણાય છે. અત્યારે આરસ અને લાદીના ભાવ પ્રથમ કરતાં બહુજ ચારગણા વધારે છે, ચીમેટ વિગેરેના ભાવ પણ તેવાજ વધેલા છે, મજુરી પણ બમણી લાગે છે, તેવા વખતમાં નવાં દેરાસરો કરાવવાં અગર તો ન હોય તેવે સ્થળે લાદી કે આરસ બેસડાવવાનું કરવું તે દેરાસરનાં રૂપિયા વધારે પડતા વાપરી નખાવવા જેવુંજ અમને તો જણાય છે. આવા મોંઘવારીના અને કટાકટીના પ્રસંગમાં શ્રીમંત ગૃહસ્થોએ જૈન કોમનો અભ્યુદય કેમ થાય, આવો મુશ્કેલ વખત તેઓ બગર હરકતે કેમ પસાર કરી શકે, તેમને આવા વખતની મુશ્કેલી કેમ ન જણાય તેવા વિચારો કરવામાં, તે દિશાએ પોતાના ધનનો વ્યય કરવામાં અને ગરીબ નિરાધાર જૈનોને ઉદ્યમે લગાડવાનો પ્રયત્ન કરવામાંજ પોતાનો વખત પસાર કરવો તે ઉપયોગી અને અગત્યનું છે. દેરાસરમાં આરસ વિગેરેનું કાર્ય મોંઘવારી અને મુશ્કેલીનો વખત પસાર થયા પછીજ રાખવું અને હાલ તો જેના ઉપર જૈન ધર્મનો અને દેરાસરોનો આધાર છે તેવા જૈન ભાઈઓના અભ્યુદયનો વિચાર કરવામાંજ પોતાનો અમૂલ્ય વખત રોકવો તે જૈન ગૃહસ્થોની અને દેરાસરના વહીવટ કરનારાઓની ફરજ છે.

* * * *

હાલમાં જ નવીન તીર્થ તરીકે પ્રસિદ્ધિમાં આવેલ શ્રી પાનસરમાં વૈશાક શુદિ ૬ ઠે પ્રતિષ્ઠામહોત્સવ છે. સ્ટેશનની નજીકજ બહુ મોટું દેરાસર, ધર્મશાળા અને કારખાનું વગેરે બંધાવવામાં આવ્યા છે. દેરાસરનું કાર્ય હજુ કેટલુંક અપૂર્ણ છે, અને દેરાસર ઉપર રૂપિયા પણ બહુ ખર્ચવામાં આવ્યા છે. હાલમાં થવાની પ્રતિષ્ઠા પ્રસંગે ડીટા વિગેરેનો બહુ ખપ પડે તે માટે રૂ. ૪૦૦) લગભગ ખર્ચી પાનસરનો વહીવટ કરનારી કમીટી તરફથી એક વગડો (કાષ્ટનું વન) ઇજારે રાખવામાં આવેલ છે અને તે કાપવામાં આવે છે. કે જેથી તેમાંથી મળતા લાકડાં વિગેરેનો ઉપયોગ થઈ શકે. આ બાબત અમારા સાંભળવામાં આવતાં જૈન દૃષ્ટિએ આવી રીતે વન ઇજારે રાખવાની બાબત અમને તો બીલકુલ વ્યાજબી લાગી નથી; દેરાસરની પ્રતિષ્ઠા જેવા શુભ કાર્યમાં આવી રીતે વન ઇજારે રાખી કપાવી જીવહિંસા કરાવવી તે બીલકુલ નાપસંદ કરવા લાયક બાબત છે, કારણકે તે કર્માદાન છે. અમને તો તે સાંભળીને બહુ ખેદ થયો છે. દેરાસરની પ્રતિષ્ઠાના શુભ મહોત્સવ પ્રસંગે ત્યાં પધારવાની અમો સર્વ બંધુઓને વિનંતિ કરીએ છીએ.

* * * *

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજ્ઞાનની બાબતમાં, અને તેમાં પણ ખાસ કરીને જંતુવિદ્યાની બાબતમાં ઘણી શોધખોળ ચલાવનાર ડૉ. સર જગદીશચંદ્ર બોઝનું નામ સર્વત્ર સુપ્રસિદ્ધ છે. તે કહે છે કે સર્વ વસ્તુમાં જીવ છે. એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના જીવ ભેદો પૃથક્ પૃથક્ સમજતાં તરતજ માલુમ પડે છે કે સૃષ્ટિમાં દૃશ્ય પદાર્થ એવો કોઇ નથી કે જેમાં પ્રથમ જીવ રહેલો ન હોય. ચાલુ સ્થિતિએ અજીવ જણાતી વસ્તુઓમાં પણ પ્રથમ જીવ હતો તેમ જૈન શાસ્ત્ર સાબીત કરે છે, અને આજ સિદ્ધાંતને પ્રતિપાદન કરનાર શોધો ડૉ. સર જગદીશચંદ્ર બોઝે કરી છે, અને આ દેશમાં તથા વિદેશમાં સર્વત્ર તે બાબતનાં પ્રયોગો કરી તેમણે પોતાની શોધો જાહેર કરી છે. આ બાબતનું જ્ઞાન આપવા માટે અને ભરતખંડમા તેમજ અન્યત્ર સર્વ સ્થળે તેમનાં તે સિદ્ધાંતો વિશેષ બહાર પડે તેટલા માટે હાલમાં તેઓએ શ્રી કલકત્તામાં એક સંસ્થા શરૂ કરી છે, અને મુંબઇ વિગેરેના ગૃહસ્થોએ તે સંસ્થાને બહુ સારી મદદ કરી છે. આ સંસ્થા ખુલ્લી મૂકતી વખતે કલકત્તામાં ભાષણ કરતાં તેમણે જણાવ્યું હતું કેઃ– " મારાં આ વિજ્ઞાન–મંદિરનાં દ્વાર સર્વને માટે ખુલ્લાં છે. આ મંદિરમાં બાળક કે વૃદ્ધ, સ્ત્રી કે પુરૂષ, દેશી કે વિદેશી સર્વજ્ઞાનપિપાસુઓ ખુશીથી પ્રવેશ કરી શકશે. અહિં અભ્યાસ કરવા આવનાર એમ, એ. બી, એ. કે તેવી કોઇ અન્ય પદવીથી અલંકૃત છે કે નહિ તેનો વિચાર કરવામાં આવશે નહિ. અભ્યાસ કરવા આવનારા છાત્રોના ઉપયોગ માટે જ્ઞાનદાન ઉપરાંત યંત્રાદિકની પણ યોજના કરવામાં આવેલ છે. અહીં જ્ઞાનનું વેચાણ કરવામાં આવશે નહિ; અહીં દેશ, જાતિ, ધર્મ અગર લિંગ વિશેષનો ભેદભાવ બીલકુલ ગણવામાં આવશે નહિ; અહીં જાણેલ જ્ઞાન પોતાનાજ સ્વાધીનમાં રાખવાનો ઇજારો રાખવામાં આવશે નહીં; અહીં દેખાડવામાં આવતાં યંત્રોનો સર્વ હક્ક સ્વાધીન રાખી રજીસ્ટર કરાવી તેનો ઉપયોગ સ્વાર્થવશતાને લઇને સંકુચિત કરવામાં આવશે નહિ; પૂર્વે નાલંદા અને તક્ષશિલાના પ્રાચિન વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસ કરવા જનારાઓને કોઇ પણ રીતે ત્યાં શું રોકાવટ કરવામાં આવતી હતી ? કેવળ ભારતનાંજ નહિ પણ ચીન વિગેરે પરદેશનાં વિદ્યાર્થીઓ માટે પણ પ્રાચીન વિશ્વવિદ્યાલયોનાં દ્વાર સર્વદા ખુલ્લાંજ હતાં. તે વિદ્યાલયોમાં શું જ્ઞાનનું ગોપન કે જ્ઞાનની સંકુચિતતા કરવામાં આવતી હતી ? ભારતવર્ષમાં કોઇ પણ વખત જ્ઞાનદાન દ્વારા સ્વાર્થસાધના થઇજ નથી–જ્ઞાનને તેવા સાધન તરીકે વાપરવામાં આવ્યું જ નથી. હું પણ તે વિજ્ઞાનીઓનો વંશજ છું, તેથી હું પણ તેનું અનુકરણ કરીશ. દેશ–દેશાંતરના જ્ઞાનલોલુપી બંધુઓ ! અહીં પધારજો ! આ વિજ્ઞાનમંદિર પ્રસન્નતાપૂર્વક તમને જ્ઞાનદાન કરશે. "[1] ડૉ. જગદીશચંદ્ર બોઝની જ્ઞાનદાન દેવાની કેટલી આતુરતા છે અને કેટલો ઉત્સાહ છે તે આ ભાષણ સ્પષ્ટ

[1] જાન્યુઆરીના ' સરસ્વતી માસિક ' ઉપરથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



...વે છે. તેમનો વિષય જૈન વિજ્ઞાન ઉપર બહુ અજવાળું પાડનાર છે. વિદ્યાર્થી જૈન બંધુઓને જૈન ધર્મના સિદ્ધાંતો વિશેષ બહાર આવે, અત્યારની વિજ્ઞાનની દ્રષ્ટિએ તેનાં સિદ્ધાંતો ખુલ્લાં થાય તે માટે તે વિજ્ઞાનમંદિરનો લાભ લેવાની અમે ખાસ સૂચના કરીએ છીએ, અને જૈન સખી ગૃહસ્થોને આવી લાઇનમાં આગળ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને મદદ કરવાની વિનંતિ કરીએ છીએ.

* * * * * *

**લગ્ન પ્રસંગે ચડાવવામાં આવતા ધાર્મિક વરઘોડાઓ**—આ પ્રવૃત્તિ હાલમાં ભાવનગર ખાતે વધારે દ્દષ્ટિગત થાય છે. કેટલાએક તે પ્રવૃત્તિ બંધ કરવાયોગ્ય અને અવિવેકવાળી માને છે પરંતુ તે પ્રવૃત્તિ આધુનિક નથી, તેમ બંધ કરવા લાયક પણ નથી. લગ્નાદિ પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવો કરવાં, ઉજમણું કરવું, વરઘોડા ચડાવવા એ પ્રવૃત્તિ પ્રશસ્ય છે, પરંતુ તેની અંદર જે કાંઇ અવિવેક કે અવિનયનું તત્ત્વ દાખલ થઇ ગયું છે તે દૂર કરવા લાયક છે. એવા વરઘોડા કન્યાને કે વરને જેને ઘરેથી ચડાવવામાં આવ્યા હોય તેના શ્વસુરપક્ષના ઘર પાસે જાય ત્યારે પ્રથમ પ્રભુને પુષ્પ અક્ષતાદિવડે વધાવી તેમની સમીપે શ્રીફળ અને નજરાણું ધરી પછી વર કે કન્યાને ચાંદલો કરવો હોય તો કરવો; પરંતુ તે વખતે અથવા આખા વરઘોડામાં કોઇ પણ પક્ષ તરફથી એક પણ ગીત લગ્નપ્રસંગને લગતું ગવાવું ન જોઇએ. ઉપરાંત એવા વરઘોડા જેમ બને તેમ જાહેર રસ્તાઓ ઉપરજ ફેરવવા જોઇએ કે જ્યાં અપવિત્રતા થોડી હોય, પરંતુ શ્વસુરપક્ષના ઘરવાળો ભાગ પણ જો અપવિત્ર હોય તો તે તરફ વરઘોડો ન લઇ જતાં તે પક્ષવાળાએ રસ્તાના નાકાપર આવી ઉપર બતાવેલી ક્રિયા વિનયપૂર્વક કરવી જોઇએ. કોઇ પણ શુભ પ્રવૃત્તિને બંધ ન કરતાં તેમાં જેટલો અયોગ્ય વિભાગ દાખલ થયો હોય તે દૂર કરવો યોગ્ય છે.

* * * * * *

**મહાવીર જયંતિ**—ભાવનગરમાં ઉજવાયેલી મહાવીર જયંતીને પ્રસંગે માત્ર હિતબુદ્ધિથી કહેવાયેલા હિતશિક્ષાનાં વાક્યોનો પોતાની હૃદયવૃત્તિ અનુસાર આશય ગ્રહણ કરી તે બીજાઓના હૃદયમાં દાખલ કરવા પ્રયત્ન કરવો, તે સ્થળે બેઠેલાઓથી પણ અમુક કેળવાયેલાઓને અંગે કહેવાયેલા શબ્દોને સર્વ કેળવાયેલાઓ પ્રત્યે કહેવાયેલા ઠરાવી કેળવાયેલ વર્ગની લાગણી પોતાની તરફ આકર્ષવા પ્રયત્ન કરવો અને પોતે પૂજ્ય મુનિમહારાજાઓ અને શ્રાવક શ્રાવિકાઓના સંબંધમાં કરેલા ... આક્ષેપોને ભૂલી જવા, તેના કરતાં સારગ્રાહી બુદ્ધિથી તેમાંથી સાર ગ્રહણ કરી, ... ખાનામાં જો તેમાંના કાંઇ પણ દોષ હોય તો તે દૂર કરવા પ્રયત્ન કરવો અને જુના નવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંને વિચારવાળાઓની લાગણી પોતાની તરફ, કેળવણી તરફ અને કેળવણીની સંસ્થાઓ તરફ આકર્ષવી એ આસ્તિક કહેવાવાને ઇચ્છતા વિદ્યાર્થીબંધુઓનું કર્ત્તવ્ય છે. જુના ને નવા વિચારવાળા શ્રીમાનો અને કેળવાયેલા વિદ્વાનોના એક સંપવડેજ આપણો ઉદય, ઉત્ક્રાંતિ અથવા પ્રગતિ છે, એ બંને વર્ગે ખાસ ધ્યાનમાં રાખવું. હાલનો જમાનો આપણને સંપવૃદ્ધિ કરવાનુંજ સૂચવે છે.

* * * * * *

**વડવાના દેરાસરની મુલતવી રહેલી પ્રતિષ્ઠા**—વડવા એ ભાવનગર શહેરના પરા જેવું સ્થાન છે, ત્યાં ચંદ્રપ્રભુજીનું દેરાસર છે, તેની સામે નેમિનાથજીનું દેરાસર ભાવનગરના શ્રી સંઘે મોટા ખર્ચે હાલમાં બંધાવેલું છે, અને તે તૈયાર થઇ ગયું છે, તેની અંદર ચાલતા વૈશાખ માસમાં પ્રતિષ્ટા થવાની હતી, પરંતુ તે જુના દેરાસરની અંદર પ્રથમ જેણે મૂળનાયકજી બેસાડેલા તેના વારસ તરફથી નવા દેરાસરમાં મૂળનાયકજી બેસાડવાનો પણ પોતાનો હક્ક છે, એમ કહેવામાં આવતાં તે બાબત મતભેદ પડ્યો. આવી રીતે જુના દેરાસરને બદલે નવા દેરાસર **પાટણ અમદાવાદ** વિગેરે અનેક સ્થળે થાય છે, ત્યાં કેમ થયેલ છે? ભાવનગર નજીક **વળા અને વરતેજ** વિગેરેમાં પણ જુનાને બદલે નવા દેરાસર થયેલ છે, ત્યાં કેમ થયું છે? ઇત્યાદિ હકીકતો મંગાવી શાંતિ સમાધાનીથી આ મતભેદનો ફડચો કરવા યોગ્ય હતો, પરંતુ મૂળ માણસે પોતાનો આગ્રહ છોડ્યો નહીં, એટલે શાંતિ સમાધાનીને ઇચ્છતા ભાવનગરના સંઘે હાલ તે હકીકત–તે કાર્ય મુલતવી રાખેલ છે. આ પ્રમાણે કલેશવૃદ્ધિ ન થવા દેતાં કાર્ય મુલતવી રાખવું તે શોભાવાળું છે, પરંતુ તૈયાર થયેલ દેરાસર લાંબો વખત ખાલી રાખવું તે ઇષ્ટ નથી. વળી કોઇપણ રીતે ન્યાયને આધીન થઇ કાર્ય થવા દેવું તે પણ ઘટિત છે. આવી બાબતમાં ઉશ્કેરણીના તત્વને તો તદન તજી દેવાની જરૂર છે, કારણકે તેથી સંપમાં ક્ષતિ થાય છે તે કોઇપણ રીતે ઇચ્છવાયોગ્ય નથી.

* * * *

**ગુજરાતી પત્રની ૩૪ મા વર્ષની ભેટ—અનંગભદ્રા અથવા વલ્લભીપુરનો નાશ.**— આ બુકના સંબંધમાં તા. ૩૧–૩–૧૮ ના જૈન પત્રના અંકમાં **માસ્તર દુર્લભદાસ કાળીદાસ** એક લેખ લખીને જૈન વર્ગનું તે તરફ લક્ષ ખેંચે છે. તે બુકના લેખકે પ્રથમ '**પાટણની પ્રભુતા**' નામની બુકમાં જૈન ધર્મ ઉપર અઘટતા અને અસત્ય આક્ષેપો કર્યા હતા, તેનું પરિણામ સંતોષકારક લાવ્યા અગાઉ વળી આ બીજું તેવુંજ પગલું ભર્યું જણાય છે. આ બુકની અંદર મોટે ભાગે બૌદ્ધ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ ઉપર અતિશયોક્તિ ભરેલા અને અઘટતા અસહ્ય આક્ષેપો કર્યા છે, પરંતુ તેની તરફથી જવાબદારી માગનાર કોઈ ન હોવાથી લેખકને તે તરફની ચિંતા રાખવા કારણુ નથી, પરંતુ જૈન જેવી અહિંસા ધર્મ પરાયણ અને સન્માર્ગગામી તેમજ શાંત પ્રજા ઉપર પણ સાથે સાથે નહીં છાજતા અને અસત્ય આક્ષેપો કર્યા છે તેમાં તેમની વિદ્વતા ભરેલી કલમનો દુરૂપયોગ થયેલો જણાય છે. પોતાના હૃદયમાં કદિ કોઇ પણ ધર્મની ઉપર અસદ્ભાવ ગાઢ નિવાસ કરી રહેલ હોય તો પણ તેને આવી રીતે અઘટતો માર્ગ આપવો અને એક શાંત વિભાગને અશાંત થવા પ્રેરણા કરવી એ હાલના જમાનાને કોઇ પણ રીતે અનુકૂળ નથી. આવાં લખાણો કરવાથી પોતાનો આંતરિક હેતુ જળવાતો નથી, પરંતુ મોટો ખળભળાટ ઉત્પન્ન થાય છે, અને તેનું પરિણામ સારૂં આવતું નથી. હાલના જેમ બને તેમ ઐકયતા વધારવાના સમયમાં નાની યા મોટી કોમની અંદર ખળભળાટ ઉત્પન્ન થાય તેવો પોતાની લેખિનીનો ઉપયોગ કરવો એ એક સારા લેખક ગણાતા વિદ્વાનને કોઈ પણ રીતે ઘટિત નથી. આવી હકીકત જૈન સમુદાયે પોતાના શાંત વિચારોને અવલંબીને જતી કરવા યોગ્ય નથી. કારણકે તેથી એવા લેખકો પોતાની જોખમદારી અને જવાબદારી ભૂલી જઈ પોતાના મગજના ફાંટા પ્રમાણે લેખિનીને ચલાવતા અટકતા નથી. માટે આ બુકની અંદરના તેવા તમામ લેખોને એકત્ર કરી તેનો સંતોષકારક ઉત્તર કે પરિણામ મેળવવાની જરૂર છે.

* * * * * *

શેઠ આણંદજી કલ્યાણજીના નામથી શ્રી શત્રુંજય વિગેરે તીર્થોની સંભાળ અને સંરક્ષણાદિને માટે **અમદાવાદ** ખાતે એક પેઢી સ્થાપન કરવામાં આવેલી છે. તેના વહિવટને સુરક્ષિત રાખવા માટે મોટી સંખ્યામાં આખા હિંદુસ્થાનમાંથી પ્રતિનિધિઓ નિમાયેલા છે. તેની મેનેજીંગ કમીટી કે જે વહીવટ કરનાર પ્રતિનિધિઓના મંડળને નામે ઓળખાય છે તેનાં નવ મેમ્બરો અથવા પ્રતિનિધિઓ છે. તેમાંથી અમુક પ્રતિનિધિઓએ રાજીનામાં આપ્યાં છે અને બીજા આપનાર છે એવી હકીકત સાંભળવામાં આવી છે, પરંતુ આશા રાખવામાં આવે છે કે એ સંસ્થાના દીર્ઘદષ્ટિવાળા વહીવટ કરનાર પ્રતિનિધિઓ એકદિલીથી પોતાનું કાર્ય ચલાવે છે તેમજ ચલાવશે અને વિક્ષેપના કારણોને જેમ બને તેમ સત્વર દૂર કરશે.

For Private And Personal Use Only